" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 241 | AD - 2026, Jeth Vad -07 | Sunday, Dt. 07-06-2026 | Editor : Vasant Movaliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પશ્ચિમ એશિયાના સંઘર્ષની વૈશ્વિક અર્થતંત્ર પર અસર વચ્ચે ભારતનો નવો રોડમેપ

## પીએમ મોદીએ આર્થિક સલાહકાર પરિષદ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી

નવી દિલ્હી, તા.૦૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક ઉથલપાથલ અને ભૂ-રાજકીય તણાવ વચ્ચે ભારતીય અર્થતંત્રને નવી ગતિ આપવા માટે એક મોટું પગલું ભર્યું છે. ચાલુ વૈશ્વિક આર્થિક કટોકટી વચ્ચે ભારતને એક મજબૂત આર્થિક શક્તિ તરીકે જાળવી રાખવાના લક્ષ્ય સાથે, પીએમ મોદીએ વડા પ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (PM-EAC) ના સભ્યો સાથે એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં દેશના અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને નીતિ નિષ્ણાતો સામેલ થયા હતા, જેમાં ખાસ કરીને પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ) માં ચાલી રહેલા તણાવ વચ્ચે દેશની આર્થિક વૃધ્ધિને અવિરત રાખવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વડા પ્રધાન અને આર્થિક સલાહકાર પરિષદ વચ્ચેની આ બેઠક મુખ્યત્વે એવી વ્યૂહરચનાઓ પર કેન્દ્રિત હતી, જે વૈશ્વિક અનિશ્ચિતતાના આ સમયગાળામાં પણ ભારતની વિકાસ યાત્રાને ઝડપી રાખી શકે. બેઠકમાં ચર્ચા થઈ હતી કે અર્થતંત્રને મજબૂત કરવા માટે માત્ર નીતિઓ ઘડવી પૂરતી નથી, પરંતુ પાયાના સ્તરે સુધારાઓ લાગુ કરવા પણ એટલા જ જરૂરી છે. આ અભિગમ હેઠળ, નાગરિકો અને ઉદ્યોગો બંને માટે 'ઇઝ ઓફ લિવિંગ' (જીવન જીવવાની સરળતા) અને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' (વ્યવસાય કરવાની સરળતા) માં સુધારો કરવા પર ભાર મૂકવામાં આવ્યો



હતો. આ પગલાંનો સીધો ઉદ્દેશ્ય લાલફીતાશાહી ઘટાડીને વ્યવસાયિક વાતાવરણને વધુ અનુકૂળ બનાવવાનો છે. હાલમાં પશ્ચિમ એશિયાનો સંઘર્ષ વૈશ્વિક મંચ પર એક મુખ્ય ચિંતાનો વિષય છે, જે વૈશ્વિક અર્થતંત્રને સીધી અસર કરી રહ્યો છે. બેઠક દરમિયાન પીએમ-ઈએસીના સભ્યોએ આ ભૂ-રાજકીય કટોકટીની ભારત અને વિશ્વ પર પડનારી સંભવિત અસરો અંગે વડા પ્રધાન સમક્ષ પોતાનું મૂલ્યાંકન રજૂ કર્યું હતું. આ વિશ્લેષણ સરકારને ભવિષ્યના આર્થિક પડકારોનો સામનો કરવા માટે આગોતરી નીતિઓ બનાવવામાં મદદ કરશે.


ચર્ચા દરમિયાન વડા પ્રધાને આત્મનિર્ભરતાના મહત્વ પર ભાર મૂકતા ઊર્જા માળખાગત સુવિધાઓ, પરમાણુ ઊર્જા અને સ્થાનિક ઉત્પાદનમાં વ્યૂહાત્મક રોકાણ વધારવાની હિમાયત કરી હતી. આ સાથે જ તેમણે દેશના નાગરિકોને ઇંધણની બચત કરવા અને વિદેશી હૂંડિયામણ અનામત પરનું દબાણ ઘટાડવા માટે જાહેર પરિવહનનો વધુ ઉપયોગ કરવા વિનંતી કરી છે. બેઠકમાં સહભાગીઓએ રેખાંકિત કર્યું હતું કે બાહ્ય અસ્થિરતા હોવા છતાં, ભારતનું સ્થાનિક અર્થતંત્ર રોકાણ અને વૃદ્ધિ માટે વૈશ્વિક સ્તરે ઉત્તમ તકો પ્રદાન કરે છે. દેશના રોકાણ વાતાવરણને વધુ સુધારવા, પાલન બોજ ઘટાડવા અને ઉત્પાદકતા વધારવા માટે લાંબા ગાળાના પગલાંની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.પીએમ-ઈએસીની આ બેઠક એ સર્વસંમતિ સાથે પૂર્ણ થઈ કે ભારતના આર્થિક ભવિષ્યને સુરક્ષિત રાખવા માટે સતત આર્થિક સુધારા, વ્યૂહાત્મક રોકાણો અને વૈશ્વિક અર્થતંત્રની હિલચાલ પર કડક નજર રાખવી અનિવાર્ય છે.

## પંજાબના ફિરોઝપુરમાં ટ્રક અને પિકઅપ વચ્ચે અકસ્માતમાં ૯ના મોત, ૧૫થી વધુ ઘાયલ

**પિકઅપ વાહનમાં અધધધ ૨૫ જેટલા લોકો બેઠા હોવાનું પોલીસે જણાવ્યું**

ફિરોઝપુર, તા.૦૬

પંજાબના ફિરોઝપુર-ફાઝિલ્કા રોડ પર શનિવારે સવારે એક દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જંગા વાલા ગામ નજીક એક ટ્રક અને મહિન્દ્રા પિકઅપ જીપ વચ્ચે થયેલી સામસામે ટક્કરમાં ૯ લોકોના મોત થયા છે અને ૧૫થી વધુ લોકો ઘાયલ થયા



છે.

ઘાયલો પૈકી કેટલાકની હાલત અત્યંત ગંભીર હોવાથી મૃત્યુઆંક હજુ વધવાની આશંકા છે. પોલીસના જણાવ્યા અનુસાર, પિકઅપ જીપમાં ક્ષમતા કરતા વધુ એટલે કે આશરે ૨૫ લોકો સવાર હતા. આ તમામ લોકો એક જ પરિવારના અથવા સગા-સંબંધીઓ હતા, જેઓ જલાલાબાદથી અમૃતસરના બિયાસ સ્થિત 'ડેરા રાધા સ્વામી' ખાતે અસ્થિ વિસર્જન માટે જઈ રહ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ૫ લોકોએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો.

તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ફિરોઝપુરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાંથી ગંભીર રીતે ઘાયલોને ફરીદકોટની ગુરુ ગોવિંદ સિંહ મેડિકલ કોલેજમાં રિફર કરાયા છે.

## દેશના ૧૦થી વધુ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી, રાજસ્થાનમાં ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી

નવી દિલ્હી, તા.૦૬

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દેશના ઘણા ભાગોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે, જેને પગલે વિવિધ રાજ્યોમાં પ્રિ-મોન્સૂન અને ચોમાસુ વરસાદ શરૂ થઈ ગયો છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ શનિવારે દક્ષિણ ભારત અને ઉત્તર-પૂર્વના અનેક વિસ્તારોમાં વાવાઝોડા, વીજળીના કડાકા અને તીવ્ર પવન સાથે ભારે વરસાદની ચેતવણી (એલર્ટ) જારી કરી છે. પૂર્વોત્તર અને દક્ષિણ ભારતમાં આગામી દિવસોમાં મુશળધાર વરસાદ હવામાન વિભાગના




જણાવ્યા અનુસાર, ૭ થી ૧૧ જૂન દરમિયાન કેરળ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં વ્યાપક વરસાદની આગાહી છે. આ ઉપરાંત, હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને આંદામાન-નિકોબાર ટાપુઓમાં પણ ભારે વરસાદ થઈ શકે છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે, જેની ગતિ વધીને ૬૦ કિમી સુધી પહોંચી શકે છે. દક્ષિણના અન્ય રાજ્યો જેવા કે આંધ્ર પ્રદેશ, યાનમ, રાયલસીમા, તમિલનાડુ અને પુડુચેરીમાં પણ વરસાદી માહોલ રહેશે. ૭ જૂને જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વીજળીના કડાકા અને તેજ પવન સાથે વરસાદની સંભાવના છે. પૂર્વ અને પશ્ચિમ રાજસ્થાનમાં ધૂળની ડમરીઓ સાથે વાવાઝોડાની તીવ્ર અસર જોવા મળશે, જ્યાં પવનની ગતિ ૭૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને વિદર્ભમાં પણ ૭ થી ૧૧ જૂન દરમિયાન વરસાદી ઝાપટાં ચાલુ રહેશે. દિલ્હીમાં આજે આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે, તેમજ બપોર પછી ૪૦ થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવો વરસાદ થઈ શકે છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૭°C અને લઘુત્તમ તાપમાન ૨૪°C ની આસપાસ રહેશે.

### POKના માનવાધિકાર કાર્યકર્તા અમજદ અયુબ મિર્ઝાએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પાસે માંગી મદદ

## ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પાકિસ્તાને ચૂંટણી યોજવાની જાહેરાત કરતા ભારતનો ઉગ્ર વિરોધ

નવી દિલ્હી, તા.૦૬

પાકિસ્તાન દ્વારા આગામી ૭ જૂન, ૨૦૨૬ ના રોજ ગિલગિટ-બાલ્ટિસ્તાન વિધાનસભા માટે સામાન્ય ચૂંટણી યોજવાની યોજના સામે ભારતે આકરો વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયે પાકિસ્તાન સમક્ષ ઔપચારિક રાજદ્વારી વિરોધ રજૂ કરતા સ્પષ્ટ કર્યું છે કે, ગિલગિટ-બાલ્ટિસ્તાન સહિત સમગ્ર જમ્મુ-કાશ્મીર



અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશો ભારતના અભિન્ન અને અવિભાજ્ય અંગો છે. ભારત સરકારે પુનરોચ્ચાર કર્યો હતો કે, ૧૯૪૭ના ઐતિહાસિક અને કાયદેસરના વિલીનીકરણ બાદ આ પ્રદેશો પર માત્ર ભારતનો જ હક છે. તેથી, આ ક્ષેત્રમાં પાકિસ્તાન દ્વારા કોઈ પણ ચૂંટણી કે વહીવટી પ્રવૃત્તિ કરવાનો કોઈ કાનૂની આધાર નથી. બીજી તરફ, પાકિસ્તાન હસ્તકના કાશ્મીર (POK) ના જાણીતા માનવાધિકાર કાર્યકર્તા અમજદ અયુબ મિર્ઝાએ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ પ્રદેશના લોકોના અધિકારોનું રક્ષણ કરવા માટે હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. મિર્ઝાએ આરોપ લગાવ્યો છે કે, ગિલગિટ-બાલ્ટિસ્તાનમાં પાકિસ્તાન સરકાર દ્વારા રાજકીય દમન અને આર્થિક શોષણ ચરમસીમાએ છે. પોતાના હકો માટે અવાજ ઉઠાવનારા 'ગિલગિટ-બાલ્ટિસ્તાન આવામી એક્શન કમિટી' ના અનેક નેતાઓની ગેરકાયદેસર ધરપકડ કરીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

ભારતે પોતાના નિવેદનમાં કડક શબ્દોમાં જણાવ્યું છે કે, પાકિસ્તાન આવા નાટક કરીને પોતાના ગેરકાયદેસર કબજા અને ત્યાં થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનને છુપાવી શકશે નહીં. ભારતે પાકિસ્તાનને તેના ગેરકાયદેસર નિયંત્રણ હેઠળના તમામ વિસ્તારો તાત્કાલિક ખાલી કરવા આદેશ આપ્યો છે.

## મહારાષ્ટ્ર સરકારનો મોટો નિર્ણય : મરાઠા સમુદાયને OBC સમકક્ષ શૈક્ષણિક લાભો અને છૂટછાટો મળશે


મુંબઈ, તા.૦૬

મહારાષ્ટ્ર સરકારે લાંબા સમયથી ચાલી રહેલી માંગણીઓનો સ્વીકાર કરીને મરાઠા સમુદાય માટે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવેથી મરાઠા સમુદાયના વિદ્યાર્થીઓને અન્ય પછાત વર્ગો (OBC) ની જેમ જ તમામ શૈક્ષણિક સુવિધાઓ અને આર્થિક છૂટછાટોનો લાભ મળશે. સરકાર દ્વારા મરાઠા સમુદાય માટે કુલ આઠ વિશેષ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. મરાઠા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ પછી શિષ્યવૃત્તિ, વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ફી રિફંડ (ભરપાઈ) જેવી સુવિધાઓ મળશે.









### બાબરાના ચમારડી ગામે આરોગ્ય સબ-સેન્ટરના

# નબળા કામ બદલ એન્જિનિયરને શો-કોઝ નોટીસ પાઠવતા આરોગ્ય મંત્રી

**ક્ષતિવાળો ભાગ નિયત ધોરણો મુજબ નવેસરથી તૈયાર કરાવવા આદેશ**

બાબરા,તા.૦૬

બાબરા તાલુકાના ચમારડી ગામમાં નિર્માણ પામેલા આરોગ્ય સબ-સેન્ટરના નબળા બાંધકામ બદલ જવાબદાર એન્જિનિયરને શૉ કૉઝ નોટિસ ફટકારવામાં આવી છે. ગામના સરપંચ દ્વારા બાંધકામમાં રહેલી ગંભીર ક્ષતિઓ અંગે પુરાવા સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી હતી, જેના આધારે આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ત્વરિત કાર્યવાહીના આદેશ આપ્યા હતા.



પ્રાથમિક તપાસ દરમિયાન બાંધકામની ગુણવત્તા ખરેખર નબળી હોવાનું સાબિત થતાં ફરજમાં બેદરકારી બદલ એન્જિનિયર સામે આ કડક પગલું લેવાયું છે. આ મામલે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે પ્રજાના કલ્યાણ અને આરોગ્ય ક્ષેત્રના વિકાસ માટે સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે, તેથી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે જોડાયેલા ભવનોના નિર્માણમાં કોઈપણ પ્રકારની બેદરકારી, ભ્રષ્ટાચાર કે ગુણવત્તા સાથેની બાંધછોડ ચલાવી લેવાશે નહીં. સરકાર વિકાસકામોમાં 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી રહી છે. તેમણે ઉચ્ચ અધિકારીઓને સમગ્ર બાંધકામની ઊંડાણપૂર્વક તપાસ કરવા અને ક્ષતિવાળો ભાગ નિયત ધોરણો મુજબ નવેસરથી તૈયાર કરાવવા કડક આદેશ આપ્યા છે.

# અમરેલી એલસીબીએ કાલાવડના ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપ્યો

અમરેલી, તા. ૦૬

જામનગર જિલ્લાના કાલાવડમાં ચોરીના ગુનાને અંજામ આપીને પોલીસથી બચવા નાસતા ફરતા એક આરોપીને અમરેલી LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ની ટીમે ઝડપી પાડ્યો છે. એલ.સી.બી. પોલીસ ઈન્સપેક્ટર સી.પી.વાઘેલાની રાહબરી હેઠળની ટીમે બાતમી અને ટેકનિકલ સોર્સના



આધારે, જામનગરના કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી રોહીત ઉર્ફે પાગો ધીરૂભાઈ માળી (ઉ.વ.૨૩, રહે. રાજુલા) ને રાજુલા ટાઉનમાંથી ઝડપી પાડ્યો છે. આ સફળ કામગીરીમાં પી.આઈ. સી.પી.વાઘેલા સહિત એ.એસ.આઈ. બહાદુરભાઈ, હેડ કોન્સ. ગોકુળભાઈ, જનકભાઈ, નીલેશભાઈ અને પો.કોન્સ. યુવરાજસિંહ, રવિરાજભાઈ તથા મહેશભાઈ જોડાયા હતા.

# 'તમે મારી શું વાતો કરો છો?' તેમ કહી પ્રૌઢને ગાળો બોલી ધમકી આપનાર ત્રણ સામે ફરિયાદ

**અમરેલી શહેરમાં બનાવ બન્યો**

અમરેલી, તા. ૦૬

અમરેલી શહેરમાં એક પ્રૌઢને ગાળો બોલીને ધમકી આપવામાં આવી હતી. આ અંગે મનસુખભાઈ માધાભાઈ ડોબરીયા (ઉ.વ. ૬૫)એ કેતનભાઈ ગજેરા, અજયભાઈ ગજેરા તથા એક અજાણ્યા ઈસમ મળી કુલ ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ જ્યારે તેમના ભત્રીજા સાથે મોટરસાયકલ પર બેસીને વાતો કરતા હતા, તે દરમિયાન સામેથી કેતનભાઈ ગજેરા આવીને કહેવા લાગેલ કે, "તમે શું મારી વાતો કરો છો?" તેમ કહી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ તેણે બીજા બે આરોપીઓને સાદ પાડીને બોલાવ્યા હતા. અજાણ્યા ઈસમે તેમના ભત્રીજાને ખભાના ભાગે લાકડી વડે બે-ત્રણ ઘા મારી મૂઢ માર માર્યો હતો, તેમજ અજયભાઈ ગજેરાએ છરી જેવા તીક્ષ્ણ હથિયાર વડે તેમના ભત્રીજાને પેટની ડાબી બાજુએ ઘા મારી, ઓપરેશન કરવું પડે તેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સાથે જ ફરિયાદીને પણ પેટના જમણા ભાગે છરી વડે ઉઝરડો કર્યો હતો. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી નગરપાલિકાની ટીમનો વિસ્તારવાસીઓ સાથે સીધો જનસંપર્ક

અમરેલી, તા. ૦૬

પહેલાં નાગરિકોને પોતાની સમસ્યાઓ માટે નગરપાલિકા કચેરીના ધક્કા ખાવા પડતા હતા, છતાં સમયસર ઉકેલ મળતો ન હતો. પરંતુ હવે નગરપાલિકાની નવી ટીમે પરિસ્થિતિ બદલી નાખી છે. પ્રમુખ, ચીફ ઓફિસર અને નગરસેવકો લાઠી રોડ, રામ રેસિડન્સી, ધર્મનગર



અને હનુમાનપરા જેવા વિસ્તારોમાં સીધો જનસંપર્ક કરી સ્થળ મુલાકાત લઈ રહ્યા છે. તેઓ પાણી, ગટર, સફાઈ અને રોડ-રસ્તાની સ્થિતિનું જાતે નિરીક્ષણ કરીને સંબંધિત વિભાગોને તાત્કાલિક કામગીરી કરવા કડક સૂચનાઓ આપી રહ્યા છે. ખાસ કરીને ધર્મનગરમાં પાણી ભરાવાની સમસ્યાનું ત્વરિત નિવારણ કરાયું હતું. નગરસેવકો દ્વારા લોકોની વચ્ચે જઈને પ્રશ્નો ઉકેલવાની આ સરાહનીય કામગીરીને નાગરિકોએ સન્માનપૂર્વક આવકારી છે.

# સરસીયા રેન્જમાં સિંહણના મોત બાદ ફોરેસ્ટરની પાલીતાણા બદલી

અમરેલી,તા.૦૬

ધારી ગીર પૂર્વ ડિવિઝનના સરસિયા રેન્જના લુવારિયા વિસ્તારમાં એક ગર્ભવતી સિંહણનું મોત થયું છે. વન વિભાગની બેદરકારીના કારણે સિંહણનું મોત થયું હોવાના આરોપો વચ્ચે સમગ્ર મામલે DCF વિકાસ યાદવના મોનિટરિંગ સામે સવાલો ઉઠ્યા છે. આ ઘટના અંગે જૂનાગઢ



સર્કલના મુખ્ય વન સંરક્ષક રામરતન નાલાએ તપાસના આદેશ આપ્યા છે. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે સ્થાનિક ફોરેસ્ટર ચેતન ઘેવરિયા ધારીથી અપ-ડાઉન કરતા હોવાથી નિયમિત પેટ્રોલિંગમાં બેદરકારી દાખવવામાં આવી હતી. આ ગંભીર બેદરકારી બદલ વન વિભાગે તાત્કાલિક પગલાં ભરીને ફોરેસ્ટર ચેતન ઘેવરિયાની પાલીતાણા રેપિડ ખાતે બદલી કરી દીધી છે.

### મહેશ કસવાળાના પ્રયત્નોથી રૂ. ૮૩.૧૬ લાખના ખર્ચે

# ચીખલી ગામ અને ભેસાણીયા ડેમનો કાયાકલ્પ થશે

સાવરકુંડલા, તા. ૦૬

રાજ્ય સરકાર દ્વારા સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના વિકાસ અને જળસંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે બે મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ અંતર્ગત ચીખલી ગામમાં ચોમાસા દરમિયાન પૂરના પાણીથી રક્ષણ મેળવવા માટે રૂ. ૪૯.૯૬ લાખના ખર્ચે પૂર સંરક્ષણ દીવાલનું નિર્માણ કરવામાં આવશે. આ દીવાલ બનવાથી વરસાદી ઋતુમાં પાણીના વહેણથી થતું નુકસાન અટકશે અને સમગ્ર ગામની સુરક્ષામાં નોંધપાત્ર વધારો થશે. આ ઉપરાંત વિસ્તારના ભેસાણીયા ડેમના પુનઃસ્થાપન અને મજબૂતીકરણ માટે રૂ. ૩૩.૨૦



લાખ મંજૂર કરાયા છે, જેનાથી ડેમની જળસંગ્રહ ક્ષમતા વધશે અને સ્થાનિક ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહેશે. આ બંને વિકાસલક્ષી કાર્યોની મંજૂરી મળતાં જ ચીખલી ગામ સહિત આસપાસના પંથકમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ યોજનાઓ પૂર્ણ થવાથી સ્થાનિક ખેડૂતો, પશુપાલકો અને ગ્રામજનોને સીધો આર્થિક અને સામાજિક લાભ મળશે. ગ્રામ્ય સ્તરે માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવાના સરકારના આ અભિગમને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ બિરદાવ્યો હતો.




# અમરેલી શહેરમાંથી બદકામના ઈરાદે સગીરાનું અપહરણ

અમરેલી, તા. ૦૬

અમરેલી શહેરમાંથી બદકામના ઈરાદે એક સગીરાનું અપહરણ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે.

આ અંગે સગીરાની માતાએ મુકેશ રવજીભાઈ મકવાણા નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપી તેમની સગીર પુત્રીને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી-ફોસલાવીને બદકામ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી ગયો હતો.

આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ. એમ. ઝાલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.




## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૫૧/૨૦૨૬

શ્રી હિંમતભાઈ હરીભાઈ શીંગાળા
રહે.લીલીયા મોટા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, લીલીયા મોટા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી હિંમતભાઈ હરીભાઈ શીંગાળાના ભત્રીજા વિજયકુમાર નનુભાઈ શીંગાળાનો જન્મ તા.૨૯/૧૧/૧૯૭૧ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૫૩/૨૦૨૬

શ્રી ગણપતભાઈ મોહનભાઈ દુધાત
રહે.ક્રાંકચ તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ક્રાંકચ ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી ગણપતભાઈ મોહનભાઈ દુધાતની પુત્રી રેખાબેન ગણપતભાઈ દુધાતનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૨ના રોજ ક્રાંકચ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા




## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી.નં.૫૭/૨૦૨૬

શ્રી શારદાબેન વલ્લભભાઈ બલર
રહે.ભોરીંગડા તા.લીલીયા જિ.અમરેલી
.........અરજદાર

-: વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી, ભોરીંગડા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદરાશ્રી શારદાબેન વલ્લભભાઈ બલરના પુત્રી શીલાબેન વલ્લભભાઈ બલરનો જન્મ તા.૦૧/૦૭/૧૯૭૩ના રોજ ભોરીંગડા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૨/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**રાજ્ય ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે શહેરના વિવિધ વિસ્તારોમાં સુવિધાલક્ષી કામગીરી હાથ ધરાઈ**

# અમરેલીમાં રૂ. ૨૫ કરોડના ખર્ચે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**શહેરને હરીયાળુ અને સ્માર્ટ બનાવવા નવી ટીમ કટીબધ્ધ : કૌશિક વેકરીયા**

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરના સર્વાંગી વિકાસને નવી દિશા આપવા માટે ઊર્જા અને કાયદો રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે રૂપિયા ૨૫ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં માર્ગ, ડ્રેનેજ અને લાઈટિંગ જેવી પાયાની માળખાગત સુવિધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજનાના ઓજી એરિયા અંતર્ગત વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂપિયા ૨૦ કરોડથી વધુના ખર્ચે કોંક્રિટ રોડ, ડ્રેનેજ લાઈન અને સ્ટ્રીટલાઈટના કામો હાથ ધરાશે, જેનાથી નાગરિકોને ગુણવત્તાયુક્ત શહેરી સુવિધાઓ





ઉપલબ્ધ થશે.આ ઉપરાંત, રૂપિયા ૪.૭૨ કરોડના ખર્ચે અમરેલી શહેરના ત્રણ મુખ્ય માર્ગોને આઈકોનિક રોડ એટલે કે ‘ગૌરવ પથ’ તરીકે વિકસાવવામાં આવશે. આ માર્ગોમાં સિવિલ હોસ્પિટલ રોડ, સેન્ટર પોઈન્ટથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તરફનો માર્ગ અને ભીડભંજનથી બાયપાસ સુધીના માર્ગનો સમાવેશ થાય છે. આ આધુનિક માર્ગો પર કાંકરીની ફૂટપાથ, સુશોભન ગાર્ડન, આધુનિક લાઈટિંગ પોલ, એલ.ઈ.ડી. લાઈટ્સ, ટ્રી ગાર્ડ, ડિસ્પ્લે સાઈન બોર્ડ, રોડ પેઈન્ટિંગ અને હાઈમાસ્ટ ટાવર જેવી સુવિધાઓ ઊભી કરાશે, જે શહેરની સુંદરતા અને ટ્રાફિક વ્યવસ્થામાં મોટો સુધારો લાવશે.આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમરેલીને સ્માર્ટ અને હરિયાળું શહેર બનાવવા નવી ટીમ કટિબદ્ધ છે. કાર્યક્રમમાં સાવરકુંડલા ચોકડી અને સિવિલ હોસ્પિટલ નજીક પ્રતિકાત્મક ખાતમુહૂર્ત કરાયું હતું. નગરપાલિકા પ્રમુખ વૈશાલીબહેન માંગરોળીયા અને અન્ય હોદ્દેદારોનું અભિવાદન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતુલભાઈ કાનાણી, પી.પી. સોજિત્રા, નગરપાલિકાના સભ્યો, ચીફ ઓફિસર રાઠોડ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## ધારીમાં ખોડિયાર ડેમના કાંઠેથી ૮ પત્તાપ્રેમી ઝડપાયા

ધારી, તા.૦૬

ધારીના પ્રેમપરા ઝુંપડપટ્ટી વિસ્તારમાં ખોડિયાર ડેમના કાંઠેથી ૮ પત્તાપ્રેમીઓ ઝડપાયા હતા. પોલીસે તેમની પાસેથી કુલ રૂ. ૧૦,૨૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, રાજુભાઈ માધાભાઈ સોલંકી, કિશનભાઈ મગનભાઈ માથાસુળીયા, દિલીપભાઈ ઉર્ફે દીલો વાસુરભાઈ માથાસુળીયા, વિક્રમભાઈ બટુકભાઈ વાઘેલા, પ્રવિણભાઈ સોમાભાઈ ડાભી, મનિષભાઈ દેવરાજભાઈ સોલંકી, સાગરભાઈ એભલભાઈ સોલંકી તથા મનોજભાઈ ઉર્ફે મુનો રવજીભાઈ સોલંકી ગંજીપત્તાના પાના વડે પૈસાની હાર-જીતનો ‘તીનપત્તી’ નામનો જુગાર રમતા અને રમાડતા રંગેહાથ ઝડપાયા હતા. પોલીસે કુલ રૂ. ૧૦,૨૪૦ની રોકડ રકમ કબજે કરી ગુનો નોંધ્યો છે. આ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## ભુરખીયા ગામે જનકભાઈ તળાવીયાના હસ્તે આયુર્વેદિક હોસ્પિટલનું ખાતમુહૂર્ત

લાઠી, તા.૦૬

લાઠી તાલુકાના ભુરખીયા ગામે ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને વધુ સારી અને સુલભ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી એક મહત્વપૂર્ણ વિકાસ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગામમાં અંદાજિત રૂ. ૪૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર આયુર્વેદિક હોસ્પિટલનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે



વિધિવત રીતે સંપન્ન થયું હતું.આ હોસ્પિટલના નિર્માણથી ભુરખીયા સહિત આસપાસના ગામોના લોકોને આયુર્વેદ આધારિત ગુણવત્તાસભર સારવાર, આરોગ્ય માર્ગદર્શન અને વિવિધ સેવાઓ પોતાના વિસ્તારમાં જ નજીક ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગામડાઓમાં આરોગ્ય અને માળખાકીય સુવિધાઓના વિકાસ માટે સતત કાર્યરત છે. ખાતમુહૂર્તના આ કાર્યક્રમમાં ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, પંચાયતના સભ્યો, પક્ષના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## બાબરાના અમરાપરા ગામે બીમારીથી કંટાળી પુરુષે ગળાફાંસો ખાધો

**કેન્સર અને પેરાલિસિસની તકલીફ હતી**

બાબરા, તા. ૦૬

બાબરાના અમરાપરા ગામે બીમારીથી કંટાળી એક પુરુષે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દિવ્યાબેન મહેશભાઈ ચૌહાણે જાહેર કરેલી વિગત મુજબ, મહેશભાઈ અંબારામભાઈ ચૌહાણ (ઉં.વ. ૪૨) છેલ્લા બારેક વર્ષથી મોઢાના કેન્સરથી પીડાતા હતા. તેમજ ત્રણ વર્ષ પહેલાં પેરાલિસિસનો આંચકો આવતાં તેમનું અડધું અંગ કામ કરતું બંધ થઈ ગયું હતું. આ ગંભીર બીમારીઓથી કંટાળી તેમણે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ અંગે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. આર. દાંતી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## બ્રહ્માકુમારીઝ દ્વારા પર્યાવરણ દિન નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૦૬

અમરેલીના બ્રહ્માકુમારી દિવ્ય અનુભૂતિ ભવન ખાતે ૫ જુનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ તકે આરએફઓ વાળાભાઈ અને કેન્દ્ર સંચાલિકા બ્ર. કુ ગીતાદીદીએ પર્યાવરણની જાળવણી અને સંરક્ષણ માટેની જાગૃતિ માટે ઉપસ્થિતોને પ્રતિજ્ઞા લેવડાવી




હતી. આ ઉપરાંત સંસ્થાના ૯૦ વર્ષ પૂર્ણ થતાં વિવિધ ૯૦ રોપાનું લોકોને વિતરણ કરવામાં આવ્યું હતું. ગોડલી ગાર્ડન ખાતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## જાફરાબાદ તાલુકા કાનુની સેવા સમિતિ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

જાફરાબાદ, તા.૦૬

તાલુકા કાનુની સેવા સમિતિ જાફરાબાદ દ્વારા જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ અમરેલીની પ્રેરણાથી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રિન્સીપાલ સિવિલ જજ પી. એમ. કામદારના માર્ગદર્શન હેઠળ કોર્ટ સંકુલમાં વૃક્ષારોપણ યોજાયું હતું. આ પ્રસંગે સરકારી વકીલ, પોલીસ અધિકારીઓ, વકીલ મંડળના પ્રમુખ અને ફોરેસ્ટ સ્ટાફ હાજર રહ્યા હતા.

કાર્યક્રમનો મુખ્ય હેતુ પર્યાવરણ રક્ષણની જાગૃતિ લાવવાનો હતો.

## જાફરાબાદમાંથી દારૂની ૮૫ અને બિયરની ૨૪ બોટલ ઝડપાઈ

જાફરાબાદ, તા. ૦૬

જાફરાબાદમાંથી દારૂની ૮૫ અને બિયરની ૨૪ બોટલ સાથે બે યુવકો ઝડપાયા હતા. સરફરાજભાઈ હનીફભાઈ થૈયમ ઉર્ફે રઘુ (ઉ.વ.૨૫) તથા શાકીરભાઈ જુમાભાઈ ભરચ (ઉ.વ.૨૧) મોટરસાયકલ લઈને પસાર થતા હતા, ત્યારે પોલીસે તેમને અટકાવી તલાશી લેતાં વિદેશી દારૂની ૮૫ અને બિયરની ૨૪ બોટલ મળી આવી હતી.

પોલીસે કુલ રૂ. ૭૯,૦૯૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૮ ઈસમો દેશી દારૂ સાથે ઝડપાયા હતા, જ્યારે ૨૪ લોકો પાસ પરમિટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

ધો. ૧૦ ઉચ્ચ ગ્રેડને – ધો. ૧૧ ની ફી માફ
સંકુલમાં પ્રવેશ લેનાર કોઈપણને
★ ધો. ૧૦ A1 ગ્રેડને – ધો. ૧૧ સાયંસ ૧૦૦% સ્કૂલ ફી માફ
★ ધો. ૧૦ A2 ગ્રેડને – ધો. ૧૧ સાયંસ ૫૦% સ્કૂલ ફી માફ
★ ધો. ૧૦ B1 ગ્રેડને – ધો. ૧૧ સાયંસ ૨૫% સ્કૂલ ફી માફ
★ ધો. ૧૦ A1 ગ્રેડને – ધો. ૧૧ આર્ટસ – કોમર્સ ૫૦% સ્કૂલ ફી માફ
★ ધો. ૧૦ A2 ગ્રેડને – ધો. ૧૧ આર્ટસ – કોમર્સ ૨૫% સ્કૂલ ફી માફ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 098

ધો. ૧૨ ઉચ્ચ ગ્રેડ – ધો. ૧૨ ફી પરત
A1 - A2 - B1 – ગ્રેડને ધો. ૧૨ સાયંસની 100% - 50% - 25% ભરેલ ફી પરત
A1 - A2 – ગ્રેડને ધો. ૧૨ આર્ટસ કોમર્સની 50% - 25% ભરેલ ફી પરત
સંકુલ કોલેજ પ્રવેશ આવશ્યક
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 099

ધો. ૧૦ ઉચ્ચ ગ્રેડ – ધો. ૧૧ ફી માફ
A1 - A2 - B1 – ગ્રેડને ધો. ૧૧ સાયંસ 100% - 50% - 25% સ્કૂલ ફી માફ
A1 - A2 – ગ્રેડને ધો. ૧૧ આર્ટસ કોમર્સ 50% - 25% સ્કૂલ ફી માફ
સંકુલમાં પ્રવેશ લેનાર કોઈપણને
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 097

## અમરેલીની મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજનું ટી.વાય.બી.એ. માં ૯૨.૩૧% ગૌરવશાળી પરિણામ

અમરેલી, તા.૦૬

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કૉલેજનું માર્ચ-૨૦૨૬નું ટી.વાય. બી.એ. (સેમેસ્ટર-૦૬)નું પરીક્ષા પરિણામ ૯૨.૩૧% આવ્યું છે. કૉલેજમાં પ્રથમ ત્રણ ક્રમ મેળવનાર વિદ્યાર્થીનીઓમાં મુખ્ય સમાજશાસ્ત્ર સાથે ગોરી મુનેરા



અકબરભાઈ (૮૯.૧૧%) પ્રથમ ક્રમે આવ્યા છે. જ્યારે દ્વિતીય ક્રમે મુખ્ય સંસ્કૃત સાથે જોષી મિતાર્થી શૈલેષભાઈ અને મુખ્ય સમાજશાસ્ત્ર સાથે પઠાણ સુનેરા અમજદખાન (બંને ૮૮.૪૪%) સંયુક્ત રીતે રહ્યા છે, તેમજ મુખ્ય સમાજશાસ્ત્ર સાથે ખુમાણ દ્રષ્ટિ રમેશભાઈ (૮૭.૩૩%) ત્રીજા ક્રમે આવ્યા છે.આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ સંસ્થાના અધ્યાપકોની મહેનતને બિરદાવી કૉલેજ સ્ટાફ અને વિદ્યાસભાના પદાધિકારીઓએ તમામ સફળ વિદ્યાર્થીનીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

ધો. ૧૨ ઉચ્ચ ગ્રેડને – ધો. ૧૨ ની ફી પરત
સંકુલ કોલેજ પ્રવેશ આવશ્યક
★ ધો. ૧૨ સાયંસ A1 ગ્રેડને – ધો. ૧૨ ની ૧૦૦% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ સાયંસ A2 ગ્રેડને – ધો. ૧૨ ની ૫૦% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ સાયંસ B1 ગ્રેડને – ધો. ૧૨ ની ૨૫% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ A1 ગ્રેડને – ધો. ૧૨ની ૫૦% ભરેલ ફી પરત
★ ધો. ૧૨ આર્ટસ કોમર્સ A2 ગ્રેડને – ધો. ૧૨ની ૨૫% ભરેલ ફી પરત
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 100



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


LAKSHYA EDUCATION
ધોરણ 10 અને 12 માં
નાપાસ થયેલા વિદ્યાર્થી માટે
એક વધુ તક
NIOS બોર્ડ માં પરીક્ષા આપી
ઉજ્વળ ભવિષ્ય બનાવો
સરકાર માન્ય બોર્ડ
માન્ય સંસ્થા
NIOS બોર્ડ ના પરીક્ષા કેન્દ્ર
અમરેલી, ગોંડલ, રાજકોટ, જૂનાગઢ, અમદાવાદ, જામનગર, પોરબંદર, વડોદરા
વધુ માહિતી માટે
લક્ષ્ય એજ્યુકેશન
બીજો માળ ટાઉન હોલ ભીડભંજન મંદિર સામે અમરેલી
લાલજી ચાવડા 7043819956


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

**છેલ્લા સાત-આઠ મહિનાથી દબાણના કારણે રસ્તો બંધ**

# સાવરકુંડલાના ધાર ગામે રસ્તાના પ્રશ્ને ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા

**સરકારી તંત્રની ઉદાસીનતા સામે ગ્રામજનોએ હિજરતની ચીમકી આપી**

સાવરકુંડલા,તા.૦૬

સાવરકુંડલા તાલુકાના ધાર ગામના ૫૪ જેટલા ખેડૂત ખાતેદારો રસ્તાના પ્રશ્ને ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. ધાર ગામથી કેરાળા જવાના માર્ગ પર આવેલી આશરે ૪૫૦ વીઘા ખેતીની જમીન સુધી પહોંચવા માટે વર્ષોથી ઉપયોગમાં લેવાતો રાજાશાહી સમયનો ગાડા માર્ગ છેલ્લા સાત-આઠ મહિનાથી દબાણના કારણે બંધ થઈ ગયો છે.



આ મુખ્ય માર્ગ બંધ થતાં ખેડૂતો માટે ખેતરે આવન-જાવન કરવું તેમજ ખેતીકામ કરવું અત્યંત મુશ્કેલ બન્યું છે. સ્થાનિક ખેડૂતો હરેશભાઈ શિરોયા અને વિનુભાઈના જણાવ્યા મુજબ સરપંચથી લઈને મુખ્યમંત્રી સુધી વારંવાર રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ છે અને ભવિષ્યમાં હિજરત કરવાની નોબત આવી શકે છે. ગામના સરપંચ હંસાબેન કાકડિયાએ પણ ખેડૂતોની આ માંગને સમર્થન આપીને તંત્રને ૧૫ દિવસમાં તપાસ કરી રસ્તો ખુલ્લો કરવા જણાવ્યું છે. બીજી તરફ ઈન્ચાર્જ મામલતદાર શૈલેષ લેવાએ આ મામલે યોગ્ય માપણી કરાવીને નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની ખાતરી આપી છે. સરકારના દબાણ હટાવવાના દાવાઓ વચ્ચે ખેડૂતો ન્યાયની રાહ જોઈ રહ્યા છે.

# લાઠીમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

લાઠી, તા.૦૬

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે લાઠી શહેરમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પર્યાવરણના સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં શહેર ભાજપ સંગઠન, લાઠી નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને મોટી



સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ પ્રદૂષણ અને ગ્લોબલ વૉર્મિંગ જેવી ગંભીર સમસ્યાઓ સામે લડવા માટે વૃક્ષોના મહત્વ પર ભાર મૂક્યો હતો.

# બગસરાના મોટા મુંજીયાસર ગામે 'તમે બધા ઘર મૂકીને જતા રહો' કહી વૃદ્ધાને ધમકી

**ગાળો આપી લાકડા વડે હુમલો કરાયો**

બગસરા, તા. ૦૬

બગસરાના મોટા મુંજીયાસર ગામે "તમે બધા ઘર મૂકીને જતા રહો" તેમ કહી એક વૃધ્ધાને ધમકી આપવામાં આવી હતી, તેમજ ગાળો બોલી લાકડા વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ અંગે નાથીબેન જીવાભાઈ રાઠોડ (ઉ.વ. ૮૫)એ હેતલબેન વીરભાઈ વાઘેલા તથા વીરભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, વૃધ્ધા જ્યારે પોતાના ઘરે બેઠા હતા ત્યારે બંને આરોપીઓએ આવીને કહ્યું કે,"આ ઘરબાર અમારા નામે કરી દો અને તમે બધા અહીંથી જતા રહો." વૃધ્ધાએ ના પાડતા બંને એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને બેફામ ગાળો આપવા લાગ્યા હતા. આ દરમિયાન વીરભાઈ વાઘેલાએ વૃધ્ધાને પકડી રાખ્યા હતા અને હેતલબેન વાઘેલાએ હાથમાં રહેલું લાકડું ફટકારી તેમના કપાળના ભાગે તથા શરીરે મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓએ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ મામલે બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. એન. વાળા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

**સાવરકુંડલા શહેરનો બનાવ**

# 'તું કેમ અમારી સામે જુએ છે' કહી યુવકનો કાંઠલો પકડી ફટકાર્યો

**છરીનો એક ઘા પણ ઝીક્યો**

સાવરકુંડલા, તા. ૦૬

સાવરકુંડલા શહેરમાં "તું કેમ અમારી સામે જુએ છ"તેમ કહી એક યુવકનો કાંઠલો પકડી તેને ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તેને છરીનો ઘા પણ ઝીંકાયો હતો. આ બનાવ અંગે આફતાબભાઈ આસિફભાઈ કુરેશી (ઉ.વ.૨૩) એ ફરદીનભાઈ કાસમભાઈ જીરુકા, નવાજ મહેબુબભાઈ સંધોડ, વસીમ મહેબુબભાઈ સંધોડ તથા જમાલભાઈ ગાહા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, વસીમ સંધોડે ફરિયાદીના નાના ભાઈને પાસે બોલાવી "તું કેમ અમારી સામે જુએ છે" તેમ કહી, જેમ ફાવે તેમ ગાળો આપી લાફો તેમજ પાટા માર્યા હતા. આ અંગે ભાઈએ આફતાબભાઈને જાણ કરતા, તેમણે આરોપીના કાકાને ફોન કરી રજૂઆત કરી હતી.

ત્યારબાદ આફતાબભાઈ જ્યારે બજારમાં જતા હતા, ત્યારે ફરદીન જીરુકાએ તેમનો કાંઠલો પકડી એક લાફો માર્યો હતો અને બહેન-દીકરી સામે ગાળો આપી હતી. તેમજ હાથમાં રહેલા પંચનો એક ઘા ડાબા ખંભે હાંસડીના ભાગે માર્યો હતો. આ ઉપરાંત, હાથમાં રહેલી છરીનો એક ઘા ડાબા હાથના બાવડાના ભાગે મારી બે ટાંકા આવે તેવી ઈજા કરી હતી.

આરોપીઓએ તેમને નીચે પછાડી દઈ શરીરે આડેધડ ઢીંકાપાટુનો માર મારી મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. આરોપીઓ જતાં-જતાં ફરિયાદી અને તેના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા ગયા હતા. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કેતનભાઈ દેવજીભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલા દ્વારા ૩૪૮મો વિનામૂલ્ય નેત્ર નિદાન યજ્ઞ યોજાયો

સાવરકુંડલા, તા.૦૬

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા દર મહિનાના પ્રથમ શુક્રવારે યોજાતા વિનામૂલ્ય નેત્ર કેમ્પ અંતર્ગત, આજે તારીખ ૦૫/૦૬/૨૦૨૬ના રોજ શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૪૮મો નેત્રયજ્ઞ યોજાયો હતો. આ કેમ્પમાં વીરનગર હોસ્પિટલના સુપર સ્પેશિયાલિસ્ટ



ડોક્ટરો દ્વારા ૮૭ જેટલા મોતિયાના દર્દીઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. તેમાંથી કુલ ૦૭ દર્દીઓને ઓપરેશનની જરૂર જણાતા, સંસ્થા દ્વારા તેમને વીરનગરની આંખની હોસ્પિટલમાં વિનામૂલ્યે ઓપરેશન અર્થે મોકલાયા હતા. અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે ચશ્મા તથા દવાઓનું વિતરણ કરાયું હતું. આ મહા નેત્રયજ્ઞનું દીપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી, વીરનગરના તબીબો અને ગુરુકુળ હોસ્પિટલના ડોક્ટર નિલેશભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે બાબરા તાલુકા પ્રમુખનું સ્વાગત કરાયું

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં બાબરા તાલુકા ભાજપના નવનિયુક્ત યુવા પ્રમુખ તુષારભાઈ રામાણીનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ગરિમાપૂર્ણ પ્રસંગે અતુલભાઈ કાનાણીએ તુષારભાઈને પક્ષનો પરંપરાગત ખેસ પહેરાવીને ઉજ્જવળ



કાર્યકાળ માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ સમારોહમાં જિલ્લા ભાજપના આગેવાનો સંગઠનના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગતનો પ્રતિભાવ આપતા નવનિયુક્ત પ્રમુખ તુષારભાઈ રામાણીએ પક્ષના શીર્ષ નેતૃત્વ અને વરિષ્ઠ આગેવાનોએ તેમના પર મૂકેલા અતૂટ વિશ્વાસ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સંગઠન દ્વારા સોંપવામાં આવેલી આ મહત્ત્વપૂર્ણ જવાબદારીને સંપૂર્ણ નિષ્ઠા, પ્રામાણિકતા અને સમર્પણની ભાવના સાથે નિભાવવાની પૂરી ખાતરી આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૦ | ૧૭૬૪ |
| ઘઉં લોકવન | ૪૫૨ | ૪૯૩ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૫૮૦ |
| જુવાર સફેદ | ૧૦૦૦ | ૧૧૫૫ |
| જુવાર લાલ | ૫૦૦ | ૧૦૨૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૬૨૦ |
| બાજરી | ૩૩૦ | ૪૪૪ |
| તુવેર | ૮૫૦ | ૧૫૧૧ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૭૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૩૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૬૧૦ |
| મગ | ૧૨૫૧ | ૧૮૫૦ |
| વાલ દેશી | ૩૭૦ | ૧૦૬૦ |
| ચોળી | ૯૬૦ | ૧૫૮૦ |
| વટાણા | ૬૦૦ | ૯૪૫ |
| કળથી | ૩૫૦ | ૪૪૧ |
| રાજમા | ૯૦૦ | ૧૬૮૪ |
| સીંગદાણા | ૧૫૦૦ | ૧૭૫૦ |
| મગફળી જાડી | ૧૨૫૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૪૦૦ | ૧૭૫૦ |
| તલી | ૧૮૩૦ | ૨૪૨૫ |
| સુરજમુખી | ૧૦૮૦ | ૧૦૮૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૩૨૫ |
| અજમો | ૧૮૦૦ | ૨૮૦૦ |
| સુવા | ૧૨૬૦ | ૧૪૩૦ |
| સોયાબીન | ૧૨૦૧ | ૧૫૧૧ |
| સીંગફાડા | ૧૪૨૦ | ૧૭૦૩ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૬૧૯ |
| લસણ | ૧૧૮૧ | ૨૧૮૦ |
| ધાણા | ૨૦૫૦ | ૨૪૪૯ |
| ધાણી | ૨૧૫૦ | ૨૬૧૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૭૮૦ |
| જીરૂ | ૩૨૫૦ | ૩૯૦૦ |
| રાય | ૧૨૩૦ | ૧૬૯૦ |
| મેથી | ૧૧૨૦ | ૧૮૮૦ |
| ઇસબગુલ | ૧૫૩૦ | ૨૩૦૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૪૨૦ |
| રાયડો | ૧૧૫૦ | ૧૪૩૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૯૮૦ |
| ગુવારનું બી | ૧૦૮૦ | ૧૧૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૩૧ | ૫૯૫ |
| લીંબુ | ૮૦૫ | ૧૫૯૬ |
| સાકરટેટી | ૧૨૧ | ૨૨૬ |
| તરબુચ | ૧૦૭ | ૨૧૨ |
| પપૈયા | ૮૫ | ૧૬૯ |
| બટેટા | ૧૦૨ | ૨૮૭ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૮૫ |
| ટમેટા | ૩૩૧ | ૭૨૫ |
| સુરણ | ૮૨૬ | ૧૦૩૧ |
| કોથમરી | ૫૫૧ | ૭૮૯ |
| રીંગણા | ૧૬૧ | ૩૦૩ |
| કોબીજ | ૧૧૦ | ૧૮૬ |
| ફ્લાવર | ૩૧૧ | ૫૮૪ |
| ભીંડો | ૨૮૩ | ૬૦૧ |
| ગુવાર | ૩૫૨ | ૮૯૪ |
| ચોળાસીંગ | ૪૯૧ | ૭૭૫ |
| ટીંડોળા | ૩૩૯ | ૮૯૫ |
| દુધી | ૧૨૪ | ૨૦૦ |
| કારેલા | ૩૧૧ | ૪૮૫ |
| સરગવો | ૨૭૫ | ૬૮૮ |
| તુરીયા | ૩૫૧ | ૭૧૧ |
| પરવર | ૫૧૨ | ૭૦૭ |
| કાકડી | ૩૩૪ | ૭૦૬ |
| ગાજર | ૩૭૬ | ૫૯૧ |
| વટાણા | ૧૦૩૨ | ૧૪૭૯ |
| ગલકા | ૧૫૬ | ૩૪૯ |
| બીટ | ૧૮૯ | ૩૮૦ |
| મેથી | ૬૧૩ | ૮૪૨ |
| ડુંગળી લીલી | ૬૪૮ | ૧૦૦૫ |
| આદુ | ૧૫૯૬ | ૧૯૭૭ |
| મરચા લીલા | ૫૫૨ | ૮૬૦ |
| મકાઇ લીલી | ૨૧૮ | ૪૯૬ |
| ગુંદા | ૨૦૧ | ૪૧૨ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૩૧ | ૧૭૩૬ |
| ઘઉં લોકવન | ૪૫૬ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૬૫૧ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૭૮૧ |
| સિંગદાણા જાડા | ૧૬૦૧ | ૧૮૮૧ |
| સિંગ ફાડીયા | ૧૧૦૧ | ૧૬૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૩૨૬ |
| તલ કાળા | ૧૭૭૬ | ૩૬૦૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૬૧ |
| કલંજી | ૧૨૦૧ | ૩૪૦૧ |
| વરીયાળી | ૧૧૭૬ | ૧૧૭૬ |
| ધાણા | ૧૭૦૧ | ૨૬૧૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૪૦૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૬૦૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૪૧૧ |
| અડદ | ૮૦૧ | ૧૬૧૧ |
| તુવેર | ૭૦૧ | ૧૫૨૧ |
| રાયડો | ૧૩૧૧ | ૧૩૫૧ |
| રાય | ૧૨૫૧ | ૧૬૬૧ |
| મેથી | ૯૭૬ | ૧૩૦૧ |
| કાંગ | ૫૧૧ | ૫૧૧ |
| મગફળી જાડી | ૧૧૮૧ | ૧૭૪૬ |
| સફેદ ચણા | ૧૦૬૧ | ૧૬૨૧ |
| તલ - તલી | ૧૯૫૧ | ૨૬૮૧ |
| ઇસબગુલ | ૮૦૦ | ૮૦૦ |
| ધાણી | ૧૮૦૧ | ૨૭૪૧ |
| બાજરો | ૩૪૧ | ૩૬૧ |
| જુવાર | ૮૨૬ | ૧૧૪૧ |
| મકાઇ | ૩૫૧ | ૫૦૧ |
| મગ | ૧૦૦૦ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૭૧ |
| વાલ | ૪૨૬ | ૧૦૧૧ |
| ચોળા / ચોળી | ૭૦૦ | ૧૪૫૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૬૨૧ |
| રજકાનું બી | ૩૫૭૬ | ૬૬૫૧ |
| કળથી | ૨૫૦ | ૨૫૦ |
| ગોગળી | ૯૦૧ | ૧૩૦૧ |
| વટાણા | ૩૦૦ | ૮૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૮૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૮૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૪૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૦૦૦ |
| કેરી કાચી | ૧૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૯ |
| કોથમીર પુરા | ૨ | ૪ |
| ફોદીનો પુરા | ૨ | ૩ |
| alavipan | ૫ | ૧૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૨ |
| બીટ પુરા | ૪ | ૧૦ |
| સરગવો પુરા | ૮ | ૨૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૧૮૦ | ૭૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૩૦૦ |
| આદુ | ૧૪૦૦ | ૨૨૦૦ |
| ફણશી | ૧૭૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૯૮૫ | ૧૪૮૫ |
| શિંગ દાણા | ૧૩૦૦ | ૧૮૩૦ |
| શિંગદાણા ફાડા | ૧૩૯૫ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૨૬૦૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૭૦૦ |
| તલ કાશ્મીરી | ૧૫૩૦ | ૨૨૭૫ |
| બાજરો | ૩૨૫ | ૪૪૦ |
| જુવાર | ૪૦૦ | ૧૦૦૦ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૫૧૦ |
| મગ | ૧૦૦૫ | ૧૭૦૫ |
| અડદ | ૧૪૫૦ | ૧૫૬૦ |
| ચણા | ૯૫૫ | ૧૧૭૦ |
| ચણા દેશી | ૧૦૦૦ | ૧૧૪૦ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| છોલે ચણા | ૧૦૪૫ | ૧૦૪૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૯૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૩૦ |
| એરંડા | ૧૦૬૫ | ૧૨૯૫ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૮૧૦ |
| ધાણા | ૨૨૨૫ | ૨૨૨૫ |
| ધાણી | ૨૧૧૦ | ૨૪૦૦ |
| અજમા | ૨૦૨૫ | ૨૪૭૫ |
| મેથી | ૯૦૦ | ૧૩૧૦ |
| સોયાબીન | ૮૭૫ | ૧૩૭૫ |
| રજકાબી | ૫૬૦૦ | ૬૭૦૦ |
| કલોંજી | ૨૦૨૫ | ૨૦૨૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૭૦ | ૨૮૦ |
| રીંગણા | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરિયા | ૫૫૦ | ૬૨૦ |
| ટમેટા | ૬૬૦ | ૭૫૦ |
| સુરણ | ૮૦૦ | ૯૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૩૦ |
| ગલકા | ૨૫૦ | ૩૦૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૧૨૧૦ |
| કાકડી | ૩૦૦ | ૪૫૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| પાકીકેરી | ૭૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૧૭૦૦ | ૧૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૫૦ | ૫૫૦ |
| આદુ | ૨૧૦૦ | ૨૭૦૦ |
| કોથમીર | ૬૦૦ | ૭૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૪૨૦ | ૫૨૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૯૦ | ૪૮૦ |
| સરગવો | ૬૦૦ | ૮૧૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૧૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી સૂકી | ૨૫૦ | ૪૫૦ |
| લસણ સૂકું | ૧૧૫૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૩૦ | ૬૧૦ |
| લીંબુ | ૬૦૦ | ૧૦૫૦ |
| મકાઇ | ૨૫૦ | ૪૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૧૦ | ૧૭૯૦ |
| કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૨૦ | ૧૩૮૦ |
| તલ સફેદ | ૧૫૨૦ | ૨૩૧૦ |
| તલ કાળા | ૨૫૧૪ | ૩૪૭૬ |
| જીરૂ | ૨૭૪૫ | ૩૮૬૫ |
| ચણા | ૧૧૩૨ | ૧૧૫૮ |
| ઘઉં | ૪૪૫ | ૫૨૫ |
| મગ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| એરંડા | ૧૦૯૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૧૦૫ | |
| **ધારી** | | |
| મગફળી | ૧૦૭૫ | ૧૩૬૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૪૫ |
| તુવેર | ૧૩૨૫ | ૧૩૪૦ |
| ધાણા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| મગ | ૧૫૫૫ | ૧૫૭૬ |
| તલ સફેદ | ૧૮૮૦ | ૨૩૫૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૪૮૦ |
| ઘઉં | ૪૦૧ | ૪૯૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૧૫ |
| મેથી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| અડદ | ૧૫૫૦ | ૧૬૬૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૧૧ |
| ચણા | ૧૦૨૦ | ૧૧૩૦ |
| સફેદ તલ | ૨૦૦૦ | ૨૫૦૨ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૭૧૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૭૦ |
| રજકો | ૩૭૦૦ | ૫૯૨૫ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ઘઉં લોકવન | ૩૬૫ | ૪૬૦ |
| મેથી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ઘઉં ટુકડા | ૩૯૫ | ૪૬૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૨૪૫ |
| ચણા | ૮૦૦ | ૧૧૪૧ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૦૭૫ |
| ધાણા | ૨૦૫૦ | ૨૪૦૦ |
| અડદ | ૧૫૭૫ | ૧૬૨૫ |
| મગ | ૯૨૫ | ૧૩૫૦ |
| સોયાબીન | ૧૩૧૬ | ૧૪૦૪ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૫૦ |
| લસણ | ૭૦૦ | ૮૪૫ |
| શીંગદાણા | ૧૫૨૦ | ૧૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૫૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૫૬ |
| મગ | ૧૪૦૧ | ૧૫૫૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૪૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૩૯૬ |
| તુવેર | ૯૦૧ | ૧૪૧૬ |
| મગફળી | ૧૦૦૧ | ૧૩૯૬ |
| શીંગફાડા | ૧૪૦૧ | ૧૫૯૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૩૯૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૨૮૮૧ |
| મેથી | ૫૦૧ | ૯૦૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૭૬ |
| ઈસબગુલ | ૧૦૦૧ | ૧૭૧૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૪૦ | ૧૪૬૫ |
| શિંગ મોટી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| શિંગ દાણા | ૧૪૫૧ | ૧૯૧૧ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૩૧૫૦ | ૩૭૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૮૦૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૧ | ૪૭૫ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૪૯૫ |
| બાજરો | ૩૫૦ | ૫૦૫ |
| જુવાર | ૬૫૦ | ૧૧૦૦ |
| મગ | ૧૫૫૦ | ૧૮૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૭૬ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૭૦ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૧૩૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| રાય/રાયડો | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૦૦ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૩૦૦ |
| અજમા | ૧૮૦૦ | ૨૩૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૭૦૦ | ૧૧૦૫ |
| બાજરો | ૩૨૫ | ૪૬૦ |
| ઘઉં | ૪૧૦ | ૪૭૨ |
| મગ | ૧૪૫૦ | ૧૭૪૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૫૪૦ |
| તુવેર | ૭૨૦ | ૧૪૩૫ |
| ચોળી | ૧૧૩૦ | ૧૫૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૧ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૫૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૯૯ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૭૦ |
| તલ | ૧૫૦૦ | ૨૪૪૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૪૦૦ |
| રાય | ૧૩૦૦ | ૧૬૭૧ |
| લસણ | ૮૦૦ | ૨૫૭૦ |
| કપાસ | ૮૫૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૭૫૦ |
| અજમો | ૧૯૭૦ | ૩૪૬૦ |
| અજમાની ભુસી | ૪૦ | ૨૩૫૦ |
| ધાણા | ૨૦૦૦ | ૨૫૨૦ |
| ડુંગળી | ૨૨૦ | ૩૭૫ |
| વટાણા | ૪૮૦ | ૩૭૫ |
| કલોંજી | ૧૦૦૦ | ૩૨૮૫ |
| **મહુવા** | | |
| શિંગ ઉ. મગડી | ૧૩૦૦ | ૧૬૬૧ |
| શિંગ મીનાક્ષી | ૧૨૭૯ | ૧૬૬૧ |
| શિંગ ૩૨ | ૧૨૩૫ | ૧૩૭૯ |
| શિંગ જી-૨૦ | ૧૧૩૦ | ૧૩૯૭ |
| એરંડા | ૯૩૧ | ૧૨૮૯ |
| અડદ | ૭૦૩ | ૧૫૬૯ |
| મગ | ૧૨૦૦ | ૧૬૯૫ |
| મેથી | ૯૨૫ | ૧૪૬૨ |
| ચણા | ૮૮૫ | ૧૧૭૧ |
| તલ સફેદ | ૧૪૪૦ | ૨૫૭૦ |
| તલ કાળા | ૧૯૧૦ | ૩૬૧૮ |
| તુવેર | ૬૯૧ | ૧૨૪૬ |
| ધાણા | ૩૩૫૧ | ૩૪૬૧ |
| ડુંગળી લાલ | ૬૦ | ૪૮૬ |
| ડુંગળી સફેદ | ૨૪૯ | ૨૯૫ |
| નાળીયેર | ૫૦૪ | ૨૩૧૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૧૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૮૦૨ | ૨૩૭૨ |
| તલ કાળા | ૨૦૦૧ | ૩૪૮૯ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૩૦ |
| બાજરો | ૩૨૬ | ૫૦૧ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૦૧ |
| જુવાર | ૪૧૫ | ૧૧૮૦ |
| મકાઈ | ૪૪૦ | ૪૪૦ |
| મગ | ૧૨૦૧ | ૧૬૨૫ |
| અડદ | ૧૫૩૫ | ૧૫૬૦ |
| તુવેર | ૧૧૫૧ | ૧૨૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૨૩૬ |
| એરંડી | ૧૦૨૫ | ૧૨૩૫ |
| ધાણા | ૫૦૦ | ૨૨૧૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૫૧ |
| રાય | ૧૩૦૦ | ૧૪૦૧ |
| અજમા | ૧૪૦૧ | ૨૧૦૦ |

# મમતાના રાજકીય અસ્તિત્વના અંતનો આરંભ !

પ. બંગાળમાં ઐતિહાસિક રીતે એકલા હાથે ચૂંટણીમાં સ્પષ્ટ બહુમતી સાથે ભાજપની સરકાર રચાઈ અને માત્ર પાંચ વર્ષ પહેલાં જ તૃણમૂલ કૉંગ્રેસમાંથી ભાજપમાં જોડાનાર શુભેન્દુ અધિકારીને મુખ્ય પ્રધાન બનાવાયા. તેમણે આવતા વેંત જે રીતે નિર્ણયો લેવા લાગ્યા છે તે જોતાં એવું લાગે છે કે ભાજપની સાથે તેઓ પણ લાંબી ઈનિંગ રમવાના મિજાજ સાથે આવ્યા છે.



સરકાર જેવી બદલાઈ તેવી કટ્ટરોના સ્વર પણ બદલાઈ ગયા. કોલકાતાની નખોદા મસ્જિદ અને ફુરફુરા શરીફ જેવાં પ્રમુખ મુસ્લિમ ઉપાસના સ્થળોના ઉલેમાઓ અને ઈમામોએ મુસ્લિમોને અનુરોધ કર્યો હતો કે પરસ્પર સદ્‌ભાવ જાળવવા તેઓ ગાયની કુર્બાની ન દે. અત્યાર સુધી આ ઉલેમાઓ અને ઈમામોને આ વાત યાદ ન હોતી આવી? ના કારણકે અત્યાર સુધી હિન્દુઓની ભાવનાનું માન જાળવવા માટે નહીં, પરંતુ દાદાગીરી કરવા માટે તેમને મમતા બેનર્જી સરકાર તરફથી છૂટો દોર મળેલો હતો. મોહર્રમ અને દુર્ગા પૂજા સાથે હોય તો દુર્ગા પૂજાની અનુમતિ માટે ન્યાયાલય જવું પડતું હતું. દુર્ગા પૂજા પંડાલો પર આક્રમણો થતા હતા અને માં દુર્ગાની મૂર્તિને તોડી નાખવામાં આવતી હતી.

બકરી ઈદના દિવસે શુભેન્દુ અધિકારી ઈસ્કોન મંદિરે ગયા અને તેમણે ત્યાં ગાય પૂજા કરી. ગાય માતાનાં ચરણો ધોયાં. પ્રશ્ન થાય કે ઈસ્કોન મંદિર જ કેમ? તો ઉત્તર છેઃ પડોશી બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી હિંસા થઈ ત્યારે ઈસ્કોન મંદિરના ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ કરવામાં આવી હતી. શુભેન્દુ અધિકારીએ ન માત્ર પ. બંગાળને, ન માત્ર ભારતને, પરંતુ પડોશી બાંગ્લાદેશને પણ સ્પષ્ટ સંદેશ આપી દીધો છે.

બાંગ્લાદેશ તો ભાજપના વિજયનું પરિણામ આવ્યું ત્યારથી જ ફફડી ઉઠ્યું છે. તેના ગૃહ પ્રધાને સલાહુદ્દીન અહમદે પહેલાં જ નિવેદન ફટકારી દીધું કે "અમે આશા રાખીએ છીએ કે પ. બંગાળમાં ભાજપના પ્રચંડ વિજય પછી ગેરકાયદે સ્થળાંતરિતોને (અમારે ત્યાં) પાછા ધકેલવામાં નહીં આવે." તે સાથે તેમણે તેમના બીજીબી (બૉર્ડર ગાર્ડ્સ બાંગ્લાદેશ)ને સતર્ક રહેવા પણ સૂચના આપી હતી.

તમે વિચાર કરો કે, ભાજપના વિજય પછી મમતા બેનર્જી સાત મે સુધી પોતાનું ત્યાગપત્ર આપવા નહોતા ગયાં. કારણ? તેઓ ભાજપના વિજયને માનવા જ તૈયાર નહોતાં ! કોઈ મુખ્ય પ્રધાન પરિણામો સ્વીકારે નહીં અને ત્યાગપત્ર ન આપે તેવો આ પહેલો કિસ્સો હતો ! પરંતુ એવું કેમ થયું? તેની પાછળનું કારણ કોઈએ જાણ્યું? કારણ એ હતું કે પડોશી બાંગ્લાદેશમાં જમાત એ ઈસ્લામીના નેતા મોહમ્મદ નુરુલ હુડાએ તેમને આવી સલાહ આપી હતી. છેલ્લા કેટલાય સમયથી મમતાના શાસનમાં દેશવિરોધી તત્ત્વો, વિશેષ રૂપે બાંગ્લાદેશી મુસ્લિમોની ગુંડાગીરી જે રીતે ફૂલીફાલી હતી તે જોતાં મમતાનું શાસન દેશ માટે ચિંતાનો વિષય બની ગયો હતો. અમેરિકાના સંકેત પર જે રીતે પહેલાં શ્રીલંકામાં, તે પછી બાંગ્લાદેશમાં અને છેલ્લે નેપાળમાં હિંસાત્મક વિદ્રોહ થયા અને ભારત તરફી શાસન પલટાઈ ગયું તે જોતાં ભારતમાં મોદી સરકારને ઉથલાવવા સીએએ વિરોધી આંદોલન, ખેડૂતોનું આંદોલન ઈત્યાદિ નિષ્ફળ ગયાં અને છતાં મોદી ત્રીજી વાર ચૂંટાઈને આવ્યા તેથી અમેરિકાના પેટમાં તેલ નહીં, એસિડ રેડાયો હતો.

એટલું જ નહીં, પ. બંગાળની ચૂંટણી પહેલાં માર્ચ ૨૦૨૬માં રાષ્ટ્રીય સુરક્ષા સંસ્થા એનઆઈએએ ત્રાસવાદ વિરોધી કાયદાઓ હેઠળ છ યુક્રેઈની અને એક અમેરિકી નાગરિકની ધરપકડ મિઝોરમ જેવા સંવેદનશીલ રાજ્યમાંથી કરી હતી. તેમના પર આરોપ છે કે તેઓ મ્યાંમારમા ભારત વિરોધી ઉગ્રવાદીઓને પ્રશિક્ષણ આપવા ગયા હતા. તેઓ યુરોપીય ડ્રૉનોનો જથ્થો લઈને આવ્યા હતા. આમેય, મણિપુરમાં કુકી અને મૈતેઈ સમુદાય વચ્ચે વિગ્રહ ચાલે જ છે. કુકી ખ્રિસ્તી બની ગયા છે. તેમને ચર્ચોનો, સેક્યુલર મીડિયા અને અમેરિકા સહિત વિદેશોનો સીધો ટેકો છે.

સીએએ વિરોધી આંદોલન સમયે જાહેરમાં શરજિલ ઈમામે પ. બંગાળના સિલિગુડી (જે તેના મરઘાના ડોક જેવા આકારના કારણે ચિકનનેક કહેવાય છે) પાસેથી સાત ઈશાન રાજ્યોને અલગ પાડી દેવાની ઉશ્કેરણી કરી હતી અને પડોશી બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનૂસ ડીપ સ્ટેટના સંકેત પર ચીન અને નેપાળમાં જઈને સાર્વજનિક રીતે સાત રાજ્યોને વિખૂટા પાડવા માટે ગર્ભિતાર્થમાં બોલી રહ્યા હતા. આ બધાના સંદર્ભમાં આ વખતે જો ભાજપ ગત પાંચ રાજ્યોની ચૂંટણી પૈકી આસામ અને વિશેષ તો પ. બંગાળમાં જીત્યો ન હોત તો સીમા સુરક્ષાની રીતે ખૂબ કપરું બનત. છેલ્લાં કેટલાક દિવસોથી ચાહે તે ગુજરાતના ગૃહ પ્રધાન હર્ષ સંઘવી હોય કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ, તેઓ કચ્છની મુલાકાત લઈ રહ્યા છે. અમિતભાઈએ તો મેમાં રાજસ્થાન અને જૂનમાં ત્રિપુરા તેમજ પ. બંગાળની મુલાકાત લીધી છે. તાજેતરમાં તેઓ કચ્છના હરામી નાળા વિસ્તારમાં પણ ગયા હતા. આ મુલાકાતોએ 'કુછ બડે હોનેવાલા હૈ' પ્રકારના વિડિયો બનાવતા યુટ્યૂબરોને મસાલો પૂરો પાડ્યો છે, પરંતુ આ મસાલો ખાદ્ય સામગ્રી વગરનો કોરો મસાલો નથી. ગૃહ મંત્રાલયને માહિતી પાકી મળી હોય તો જ આ સીમાવર્તી રાજ્યોની મુલાકાત તેઓ લઈ રહ્યા હોય અને સુરક્ષાની ખાતરી કરી રહ્યા હોય.

એટલે શુભેન્દુ અધિકારીએ કરેલો પહેલો નિર્ણય દેશની સુરક્ષા માટે ખૂબ જ મહત્ત્વનો હતો. મમતા આ નિર્ણયની આડે ઊભાં હતાં. બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો ભાજપ સરકાર ઉઠાવતી તો મમતાની જ ભાષામાં અંધવિરોધીઓ એવું કહેતા કે બીએસએફ મોદી સરકાર હેઠળ આવે છે. કેમ પગલાં નથી લેતા? પરંતુ હવાલા પત્રકારો એવું નહોતા જણાવતા કે સીમા પર વાડ બાંધવા માટે રાજ્યની ૧૪૨.૭૯ એકડ જમીન મમતા બેનર્જી બીએસએફને આપી રહ્યાં નહોતાં ! શુભેન્દુ અધિકારીએ મંત્રી મંડળની પહેલી જ બેઠકમાં આ જમીન આપવાનો નિર્ણય લેતાં બીએસએફની સાથે દેશભક્તોને પણ હાશકારો થયો. સરકાર બન્યાના સત્તર જ દિવસમાં, ૨૬ મેએ શુભેન્દુ અધિકારીએ શબ્દ ચોર્યા વગર કઠોર શબ્દોમાં બાંગ્લાદેશી ઘૂસણખોરોને 'ડિટેક્ટ, ડિલીટ અને ડિપૉર્ટ' એવા થ્રી-ડીની સ્પષ્ટ ચેતવણી આપી દીધી કે "શું તેઓ આપણા જમાઈ છે? જલ્દી-જલ્દી ભાગો, અન્યથા સરકારને જે કરવાનું હશે તે કરશે." શુભેન્દુ અધિકારીના શબ્દોને ન સમજે તે કટ્ટર મુસ્લિમો કેમ હોય? તેમને રમખાણો થાય ત્યારે પણ ખબર પડી જાય કે અહીંથી ભાગી જવું પડશે. તેમની સંદેશાની આંતરિક પ્રણાલિ ખૂબ જ મજબૂત છે. તેમને કહી દેવાયું જ હોય. અને પ. બંગાળ-બાંગ્લાદેશ સીમાએ આ ઘૂસણખોરોની પાછા જવા માટે લાંબી લાઈનો લાગી. અહીં ફરીથી વ્હારે આવ્યા સૌરભ દ્વિવેદી જેવા સેક્યુલર પત્રકારો. ગુજરાતમાં ચંડોળા તળાવ ખાલી કરાવાયું ત્યારે પણ બાંગ્લાદેશી ઘૂસણખોરો પ્રત્યે 'સહાનુભૂતિ'ની 'જમાવટ' થઈ હતી. આ વખતે કેન્દ્રીય વિષય હતો એટલે સૌરભ દ્વિવેદી આવ્યા.


વિચાર વલોણું

જયવંત પંડ્યા


લાલભાઈને ટોપ પર રાખતેં-રાખતાં 'ઍક્સપ્રેસ' વે પર દોડવા લાગેલા સૌરભે તેમની ગંભીર મુદ્રામાં (અભિનેતા તરીકે તો તેઓ બરાબર 'કર્તવ્ય' સૈફ અલી ખાન સાથે તેમને અભિનેતા તરીકે કમ મળી ગયું બોલો ! કેવી મજબૂત ઈકૉ સિસ્ટમ !) નિભાવી શક્યા નથી, દુઃખની વાત એ છે કે પત્રકાર તરીકે પણ આવું જ કંઈક છે.કહ્યું કે જુઓ, બિચારા, ભાગી-ભાગીને પાછા જઈ રહ્યા છે.

છતાં ઘૂસણખોરોએ સૌરભની નહીં, શુભેન્દુની વાત વધુ કાને ધરી. તેમને ખબર હતી કે યોગી આદિત્યનાથ અને હેમંત વિશ્વ શર્માની જેમ જ શુભેન્દુને પણ ઉપરથી છૂટ મળી છે કે દેશની સુરક્ષા માટે બાંગ્લાદેશી ઘૂસણખોરોને ભગાવવાના છે. ભાજપની આ જ વાત ભાજપ સમર્થકોને આકર્ષે છે, પેટ્રૉલ-ડીઝલના ભાવ રાષ્ટ્રીય હિતમાં વધારવાનો કટાક્ષ ભાજપની જ ઈકૉ સિસ્ટમનો લાભ મેળવનારા અને કાશ્મીરમાં પીએમઓના નામે ચરી ખાનારા કિરણ પટેલ ભલે કરે તોય ભાજપના સમર્થકો ભાજપને કેમ જીતાડી રહ્યા છે? તેનું એક કારણ એ છે કે તેમને મોદી સરકાર દેશ માટે દેશવિરોધીઓ સામે પગલાં લેતી અને અમેરિકા જેવી મહાસત્તા સામે બાથ ભીડવતી દેખાય છે.

પરંતુ શેભેન્દુએ માત્ર બાંગ્લાદેશી ઘૂસણખોરો પર જ કાયદાનું હંટર નથી ચલાવ્યું, તૃણમૂલના નેતાઓ અને કાર્યકર્તાઓ પર પણ ચલાવ્યું છે. મજાની વાત એ છે કે આમાંના ઘણા સામે તો મમતાની સરકાર સમયે જ પોલીસ ફરિયાદો થયેલી છે. શુભેન્દુ અધિકારીએ માત્ર પોલીસ દ્વારા તેમનો કડક અમલ જ કરાવવાનો છે. મમતાના રાજમાં કેવું ગુંડારાજ અને ભ્રષ્ટાચાર ચાલતો હતો, આ જુઓ.

૧. ૨૦૨૨માં સ્કૂલ સર્વિસ કમિશન (એસએસસી) કૌભાંડમાં શિક્ષણ પ્રધાન પાર્થ ચેટર્જીનાં 'ખૂબ નિકટનાં' અર્પિતા મુખર્જીના ઘરેથી રૂ. ૫૦ કરોડ રોકડ મળ્યા હતા.

૨. બદુરિયા નગર નિગમના અધ્યક્ષ દીપાંકર ભટ્ટાચાર્યના ખેતરમાં ખોદકામ કરાતાં રૂ. ૫૦૦ની નોટોની ભરેલી ગુણો અને ટ્રૉલી બૅગ મળી હતી. આ રકમ કુલ ૨.૨૪ કરોડ જેટલી હતી ! ગરીબ ગણાતા પ. બંગાળને ચૂસી-શોષી લેવામાં મમતાના નેતાઓએ કોઈ ખોટ રાખી નહોતી.

૩. ઉત્તર ૨૪ પરગણાના મછલંદપુરમાં રાશન કૌભાંડમાં જેલમાં બંધ અને મમતા સરકારમાં ખાદ્ય પ્રધાન રહેલા જ્યોતિપ્રિય મલ્લિકના નજીકના, અજિત શાહાના ઘરે ૨૬ મે ૨૦૨૬એ પોલીસને રૂ. ૨૭.૮૦ લાખ રોકડા, ૬૬૬ જીવિત કારતૂસ, ૬૧ ખાલી કારતૂસ, ઈત્યાદિ મળ્યા હતા.

૪. શુભેન્દુ અધિકારીની સરકાર બન્યા પછી નગર નિગમ ભરતી કૌભાંડમાં મમતા સરકારના પૂર્વ પ્રધાન સુજીત બોઝની ધરપકડ થઈ.

૫. મમતાના ભત્રીજા અભિષેક બેનર્જી સાથે લોકોએ ટપલી દાવ કર્યો. ઈંડાં ફેંક્યા. અભિષેક બેનર્જી પછી કલ્યાણ બેનર્જી સાથે પણ આવું થયું. એમાં તો ન માત્ર હવાલા પત્રકારો, પણ પોચટ રાષ્ટ્રવાદીઓ પણ 'આવું ન થવું જોઈએ, ભાજપે આવું ન કરવું જોઈએ'નો રુદાલી રાગ આલાપવા લાગ્યા. આ બંને સામે ન માત્ર લોકોમાં, પરંતુ તૃણમૂલના લોકોમાં જબરદસ્ત રોષ હતો. તૃણમૂલની મહિલા સાંસદ કાકોલી ઘોષે આક્ષેપ કર્યો છે કે કલ્યાણ બેનર્જીએ અનેક મહિલાઓ સાથે અપમાનજનક વ્યવહાર કર્યો છે. આમ, આ બંનેનો પાપનો ઘડો તો ક્યારનો ભરાઈ ચૂક્યો હતો. તે ફૂટવાની જ વાર હતી.

પરંતુ મમતા સરકારમાં હિન્દુઓ સાથે, મહિલાઓ સાથે અને સામાન્ય માનવીઓ સાથે હત્યા, મારપીટ, બળાત્કાર, ઘર સળગાવી દેવા, તે ક્યાં ઉચિત હતુ? તેની સામે આ જ હવાલા પત્રકારો અને કથિત રાષ્ટ્રવાદીઓ મોઢામાં 'લીલા' મગ ભરીને બેસી ગયા હતા.

તૃણમૂલ નેતાઓને લોકો દ્વારા પીટાઈનો એટલો બધો ડર લાગ્યો કે કૂચબિહારના માથાભંગામાં તેઓ ભ્રષ્ટાચારના 'કટ મની' (કટકીનાં નાણાં) સામે ચાલીને પાછા આપવા લાગ્યા.

૬. તૃણમૂલ કાર્યાલયમાં મોટી સંખ્યામાં આધાર કાર્ડ અને સરકારી જમીનના ક્રય-વિક્રય સાથે જોડાયેલા દસ્તાવેજો મળી આવ્યા હતા. એટલે કે 'વહીવટ' સરકારી કચેરીઓમાંથી નહીં, અહીંથી થતો હતો.

૭. માલદામાં તૃણમૂલનું જિલ્લા કાર્યાલય ભાડાના મકાનમાં ચાલતું હતું અને તેનું ભાડું ચાર મહિનાથી ચૂકવાયું નહોતું. સરકાર બદલાઈ એટલે ભવન સ્વામીને સાહસ આવ્યું અને તેમણે રૂ. ૪ લાખના બાકી ભાડા અને વીજળી બિલ ન ભરાતાં પોતાની આ જગ્યા પર તાળું મારી દીધું ! મમતા પોતે તેમના ભત્રીજા અભિષેકથી દુઃખી અને ક્રોધિત હતાં. આર. જી. કર મેડિકલ સામૂહિક બળાત્કાર અને હત્યા કેસ પછી તેમણે મીડિયા અને સૉશિયલ મીડિયાની ટીમમાંથી અભિષેક બેનર્જીના માનીતા લોકોને કાઢી મૂક્યા હતા તો તૃણમૂલના નેતાઓ પણ કટોકટી વખતે સંજય ગાંધીનું વર્તન હતું તેવા અભિષેક બેનર્જીના આપખુદ વર્તનથી ખૂબ જ દુઃખી હતા. પરિણામ એ છે કે તૃણમૂલના ઋતબ્રત બેનર્જી (બેનર્જીની સામે બેનર્જી)ના નેતૃત્વમાં નવનિર્વાચિત ૫૮ ધારાસભ્યોએ બળવો કર્યો છે અને વિધાનસભા અધ્યક્ષે તેમને વિપક્ષના નેતાનું પદ પણ આપી દીધું છે. વિધાનસભાના અધ્યક્ષને સોંપાયેલા એક પત્રમાં અભિષેક બેનર્જી પર તૃણમૂલના જ ધારાસભ્યોએ ખોટી સહી હોવાનો આરોપ મૂકતાં હવે સીઆઈડી તેમની પાછળ લાગી ચૂકી છે.

આ અભિષેક બેનર્જીએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ધમકી આપતાં કહ્યું હતું કે તેમનામાં સાહસ હોય તો ચૂંટણી પરિણામોના દિવસે સુરક્ષા વગર રહી બતાવે. અભિષેકે ડાયમંડ હાર્બરમાં એવી ધમકી આપી હતી કે "અહીં અમે ભાજપના લોકો પાસે માછલી કપાવશું અને વેચાવડાવવાનું કામ કરશું." આગળ તેઓ કહે છે કે "જહાંગીરે મને કહ્યું કે અહીં ઈલેક્ટ્રિક સ્મશાનની આવશ્યકતા છે. મેં પણ આ માગણી માની લીધી. ચાર મેએ પરિણામો પછી અનેક લોકોને હૃદયાઘાત આવશે. તેમના અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરવી પડશે ને?" સ્પષ્ટ રીતે આ ધમકી હિન્દુ મતદારો માટે હતી. હવે ભાજપ સરકાર આ બધા હિસાબો ચૂકતે કર્યા વગર રહેશે? મમતાના રાજકીય અસ્તિત્વના અંતનો આરંભ થઈ ચૂક્યો છે. ■ jaywant.pandya@gmail.com

# સાહેબ..! પાઘડીનો વળ છેડે જ કેમ આવે..?


હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩


(૧)સમસ્યાઓનું નિવારણ કરવામા સમસ્યા આવે તો શું કરવું?
ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)
બન્ને સમસ્યાને અપનાવી લેવી. એકબીજીથી કંટાળીને બન્ને જતી રહેશે.

(૨)સાહેબ..! પાઘડીનો વળ છેડે જ કેમ આવે..? - ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)
વચ્ચે પણ આવી શકે, પણ ત્યારે એને ગાંઠ કહેવાય.

(૩)ગપ્પા મારવા માટેનો યોગ્ય સમય કયો? - ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)
આવશે ત્યારે ફોન કરીશ.

(૪)સૌથી શ્રેષ્ઠ દાન કયું? - રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)
મને આપવામાં આવેલું.

(૫)અક્કલમઠ્ઠા અને અક્કલના ઓથમીરમાં શું તફાવત? - જીગર યાદવ ગુરુ (દાત્રાણા-પાટણ)
મઠ્ઠા અને કોથમીર જેટલો.

(૬)મફતમાં ખાઇ શકાય એવી દસ વસ્તુના નામ લખજો.
દા.ત. બગાસું. - બાલુભાઈ કિકાણી (લીલિયા)
બગાસાંથી ચલાવો. બહુ મફતનું ખાવું સારું નહી.

(૭)પેટ્રોલ ડીઝલમાં ભાવ વધારો થાય છે તેની તમને ચિંતા થાય છે કે નહિ?
રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)
પેટ્રોલપંપે જાઉં ત્યારે થાય.પછી મટી જાય.

(૮)ઘરે મહેમાન તો આવી ગયા છે; કાગડો હજુ પણ બોલે છે. શું કરવું ? - કનુભાઈ પરમાર (દામનગર)
આ મહેમાને પાળેલો કાગડો લાગે છે. એટલે એનો કેસ મહેમાનને જ સોંપો.

(૯)ઘાંઘા થવું એટલે શું?
ધવલભાઈ પાનવાળા (રાજકોટ)
આ કોલમમાં તમારા સવાલનો જવાબ આવ્યો છે કે નહિ એ જાણવા તમે દસ પંદર સેકન્ડ જે કર્યું એને ઘાંઘા થયા એમ કહેવાય.

(૧૦)દવાદારૂ શબ્દ એકસાથે કેમ બોલાય છે?
રમાબેન પટેલ (અમદાવાદ)
બન્ને લાંબાગાળે ઘર ખાલી કરી નાખે છે એટલે.

(૧૧)માથામાં ટાલ હોવાનો કોઈ ફાયદો ખરો? - દર્શન પટેલ (વડોદરા)
હા, ટોલા ન પડે.

(૧૨)ચોમાસા બાબતે આ વખતે આપનું શું કહેવું છે?
જય દવે (ભાવનગર)
લખી રાખો કે આ વરસે દેશભરમાં ઓછામાં ઓછી બે ડઝન છત્રી કાગડો થઈ જશે.

(૧૩)તમારે ત્યાં વસતિ ગણતરી કરવા આવ્યા ત્યારે તમને કેવો અનુભવ થયો?
ઉન્નતિ મહેતા (રાજકોટ)
મને એમ થયું કે એ આ કોલમ માટે સવાલ પૂછે છે!

(૧૪)સાચો પ્રેમ કોને કહેવાય?
રામભાઈ પટેલ (સુરત)
જેની આગળ 'સાચો' શબ્દ ન લગાવવો પડે એને.

(૧૫)કોઈનું સન્માન થતું હોય અને દર્શકો તાળીઓ ન પાડે ત્યારે સન્માન થતું હોય એ શું વિચારતો હશે?
પ્રકાશભાઈ જોશી (અમરેલી)
એવા નર રે નુગરાની સાથે નેડલો ના કરીએ રે જી. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# રાજનીતિમાં પરિવારવાદ - રાજા કા બેટા અબ રાજા નહિ બનેગા...

બંગાળ વિધાનસભાના પરિણામોની દૂરગામી અસરો શરુ થઈ ચુકી છે. ટીએમસીનું જહાજ ડૂબી રહ્યું છે. સૌ પ્રથમ ઉંદરો નાસભાગ કરે તેમ પક્ષમાંથી નાસભાગ શરુ થઈ ચુકી છે. સૌ પ્રથમ પક્ષના સુપ્રીમો મમતા બેનર્જી દ્વારા બોલાવવામાં આવેલી મીટીંગ અને ત્યારબાદ ટીએમસી દ્વારા પક્ષના નેતાઓ પર હુમલાના વિરોધમાં ધરણા પ્રદર્શનમાં પણ પક્ષના ચુંટાયેલ મોટા ભાગના વિધેયક ગેરહાજર રહ્યા છે. મીડિયા દ્વારા આપવામાં આવેલ આંકડાઓ માનીએ તો ૮૦માંથી લગભગ ૫૯ ધારાસભ્યો ગેરહાજર રહ્યા છે. પક્ષમાં ભંગાણ પડી ગયાના લગભગ બધા અણસાર આવી રહ્યા છે. લોકશાહીમાં પક્ષનો ચૂંટણીમાં પરાજય એક સામાન્ય બાબત છે, એક પક્ષ સિવાય બીજાની હાર ચૂંટણી લડ્યા પહેલા નિશ્ચિત હોય છે. પણ, ચૂંટણી હાર્યા બાદ પક્ષમાં ભંગાણ થવું કે પક્ષ તૂટી જવો જે તે પક્ષ માટે ગંભીર બાબત છે. નજીકના ભૂતકાળમાં મહારાષ્ટ્રમાં શિવસેનાનું આ રીતે જ ભંગાણ થયું હતું. જે પક્ષની સ્થાપના બાળા સાહેબ ઠાકરેએ કરી હતી એ પક્ષ બાળા સાહેબના વારસદારો પાસેથી કાર્યકર્તાઓના કબજામાં જતો રહ્યો છે. આજે મમતા બેનર્જી દ્વારા સ્થાપવામાં આવેલ પક્ષ તેમના જ હાથમાંથી નીકળી જતો દેખાઈ રહ્યો છે. મમતા બેનરજીના કિસ્સામાં એક વખત ઈન્ડી ગઠબંધનના મુખ્ય નેતા અને વડાપ્રધાન તરીકેની શક્યતાઓ જેના માટે જોવાઈ રહી હતી એ પોતાના પક્ષને વેરવિખેર થતો બચાવી શક્યા નથી. ૨૮ વર્ષની રાજનીતિ એક ઝાટકે સમાપ્ત થઈ રહી દેખાય છે. બંને કિસ્સાઓના મૂળમાં પરિવારના એક અંગતને સાચવવા માટે આખા પક્ષની બલી ચઢી રહી છે. ઈંગ્લેન્ડના રાજવંશોની જેમ ચાર્લ્સ ચોથો, હેન્રી છઠ્ઠો કે એડવર્ડ આઠમો ઉતરી આવે તેમ પરિવારવાદી પક્ષોમાં વારસો ઉતરી આવે છે.

ભારતમાં વંશવાદના આધારે ચાલતા પક્ષોની એક લાંબી પરંપરા રહી છે. જેના દ્વારા પક્ષની સ્થાપના કરવામાં આવી હોય, જેના વિચારબીજમાંથી પક્ષ પેદા થયો હોય એ વ્યક્તિના વારસદારો પછીથી એમની ગેરહાજરીમાં પક્ષની ધુરા સાંભળી લેતા હોવાનો ભારતીય રાજનીતિનો અત્યાર સુધીનો ઈતિહાસ રહ્યો છે. જ્યાં સુધી સ્થાપક પોતે પક્ષના સર્વેસર્વા હોય ત્યાં સુધી પક્ષની આંતરિક કેડર લગભગ શિસ્તબધ્ધ હોય છે. હરીફાઈ કે સ્પર્ધા મુખ્ય કર્તાના ગયા બાદ શરુ થતી હોય છે. સ્વાભાવિક છે સ્થાપક પોતાના વારસદારોને સંચાલન સોંપીને જવા માંગતા હોય છે. પરંતુ આમાં જે કાર્યકર્તા શરૂઆતથી સુપ્રીમ લીડરની સાથે ખભેખભો મિલાવીને પક્ષ માટે વફાદાર રહ્યો હોય એ વફાદાર વર્ગમાં અસંતોષ અને અન્યાયની ભાવના પેદા કરે છે. પરિવાર અને પક્ષનો વારસો બંને અલગ બાબત છે. બંનેમાં આભ જમીનનું અંતર છે. પરિવારમાં સ્પર્ધા હોતી નથી. વારસો મિલકતનો અને પારિવારિક તાણાવાણાનો જ સંભાળવાનો હોય છે.


રાજકીય રસધાર

પ્રવીણ માધાણી


દેશની લોકશાહીમાં થોડા વર્ષો દરમિયાન પરિવાર દ્વારા ચલાવવામાં આવતા રાજકીય પક્ષોનું વાતાવરણ ઠીકઠાક નથી રહ્યું. કોંગ્રેસ તો નહેરુયુગ, ઈન્દીરાયુગ, રાજીવયુગ, અને હવે રાહુલયુગ જેવા વારસાગત રાજકીય કાલખંડો વચ્ચે વહેંચાઈને વારે વારે તૂટતી રહી છે. દેશની મુખ્યધારાની ઘણી પાર્ટીઓ કોંગ્રેસમાંથી છુટ્ટી પડીને અસ્તિત્વમાં આવી છે. હવે સ્થાનિક પક્ષોમાં વારસદારની સામે લાયક અને સક્ષમ કાર્યકર્તાઓએ મોરચો માંડીને પક્ષ પર પોતાનો હક સ્થાપિત કર્યો છે. શિવસેના, એનસીપી, અને હવે ટીએમસી આના તાજા ઉદાહરણો છે. જયારે પક્ષને સમર્પિત કાર્યકર્તાને અવગણીને પરિવારના સદસ્યને વધારે મહત્વ આપવામાં આવે છે ત્યારે આવા બળવા સ્વાભાવિક છે. પક્ષની સાધારણ સભાઓ રાજદરબાર કક્ષાની બની ચુકી હોય, તખ્ત પર બેઠેલા બાદશાહને ખુશ કરવા હુક્કાબરદાર કક્ષાના કરોડરજ્જૂ વિનાના દરબારીઓની કક્ષાના જીહજુરીયા પક્ષ કાર્યકર્તાઓ એક અનૌરસ કક્ષાના સિંહાસનના વારસને ઝુકી ઝુકી અદબ ફરમાવતા હોય ત્યારે એ સભામાં જે તખ્તનો વફાદાર છે, જેણે રણભૂમિ પર પોતાનું રક્ત વહાવીને તખ્તને સલામત અને ઉજળું રાખ્યું છે, એનું લોહી ઉકળી જવું સ્વાભાવિક છે.

લોકશાહી દેશમાં લોકશાહીગત રાજકીય પક્ષોના પ્રમુખો દશકાઓ સુધી એક પરિવારના રહે છે, અથવાતો પહેલેથી જ નક્કી થઈ ગયા હોય છે કે ફલાણા બાદ ઢીંકણો પ્રમુખ બનશે. આ લોકો બાદમાં દેશની લોકશાહીની ચિંતા કર્યે રાખે છે. ભારતીય લોકશાહીએ વિશ્વને પરિવારવાદી પક્ષપ્રણાલી અને વંશ પરંપરાગત લોકશાહીની ભેંટ આપી છે. ઈતિહાસકાર રામચંદ્ર ગુહા નામના ઈતિહાસકાર છે જે વડાપ્રધાન મોદીના સખત આલોચક છે. ભૂતકાળમાં એમણે નરેન્દ્ર મોદીની વિરુધ્ધમાં ઝેર જેવી ખુબ આકરી ભાષામાં લખ્યું છે. એમણે નહેરુ ગાંધી પરિવારનું મહિમામંડન કરતી દળદાર ચોપડીઓ લખી છે. એમણે લખ્યું છે કે મોદી અને અમિત શાહના સત્તા મજબૂતીકરણમાં ગાંધી પરિવાર અને તેમના આસપાસના ખુશામતખોર નેતાઓએ સીધી કે આડકતરી રીતે મદદ કરી છે. રામચંદ્ર ગુહાએ કહ્યું કે 'ખાનદાનની પાંચમી પેઢી' રાહુલ ગાંધી પાસે ભારતીય રાજકારણમાં 'કઠોર પરિશ્રમ અને પોતા જાતે પોતાનું સ્થાન બનાવનાર' નરેન્દ્ર મોદી સામે કોઈ તક નથી. સ્વાભાવિક છે કે ગુહા જેવા ગાંધી પરિવારના ભક્ત કક્ષાના સમર્થકે ખુબ પીડા સાથે આ લખ્યું હશે.

વંશવાદી રાજનીતિનો આથમતો યુગ આજની ભારતીય રાજનીતિની જમીની વાસ્તવિકતા છે. તાજેતરમાં આવેલી હિટ ફિલ્મ 'સુપર ૩૦' નો નાયક એક સંવાદ બોલે છે કે "અબ રાજા કા બેટા રાજા નહિ બનેગા, વહી બનેગા જો હકદાર હોગા..." આ ફિલ્મ શૈક્ષણિક વિષય પર હતી અને ડાયલોગ પણ તેને સંદર્ભિત હતો, પણ રાજનીતિમાં પણ હવે એ અદલ લાગુ પડી રહ્યું છે.

ક્વિક નોટ - સરદાર વલ્લભભાઈ પટેલે તેમના રાજકીય જીવન દરમિયાન પરિવારને સખત સૂચના આપી હતી કે તેઓ દિલ્હી ન આવે અને તેમનો સરકારી કે રાજકીય બાબતોમાં કોઈ સંપર્ક ન રાખે. ■

production@infiniumpharmachem.com

# વિચારોમાં ને વિચારોમાં બાર વાગી ગયા




એ આટલું તો માંડ બોલી શકી : "વખત વિપદા પાડે ત્યારે બધા જ છાંયા ઉઝડી જાય છે! યુવાની આવી અને આંખોમાં શમણા ના જે માળા બાંધ્યા'તા, એ માળા તો પાપિયા કાગડાઓએ સંપીને વીંખી નાખ્યા. આશરો શોધવા ગયા ત્યાં ભીંત ઉપર કરા પડ્યા. અને પછી જેમની આંખોમાં વિશ્વાસ ના ઘર જોયા ને એની ઓથે ઊભા રહ્યા એ તો સાપોલીયાના રાફડા હતા..! એ ક્યાં ખબર હતી? ભોળા હતા તો ભોળિયાનાથે સાચવીને અખંડ રાખ્યા. નહીંતર તો પીંખાઈ ગયા હોત..આનંદ!!"

★

બહુ મોઘમ વાણી અને ભેદી શબ્દો હતા.

વિચારોમાં ને વિચારોમાં બાર વાગી ગયા.આનંદ વિચારતો હતોઃ .કે, એણે કહ્યું છે તો ગમે એમ કરીને આવશે.એ વચનની પાક્કી છે! .હૈયે ભરોસો હતો અને મનમાં ને મનમાં શ્રધ્ધાના દીપ ઝળહળતા હતા. એ દિવડા ઓલવાશે નહીં એવી ધરપત તો આનંદ ને હતી જ.!

આનંદે જ્યારે ધર્મશાળાનું સરનામું આપીને એક વાર મળવા આવવાનું વચન માગ્યું ત્યારે એણે હકારમાં માથું ધુણાવ્યું હતું... એના ચહેરા ઉપરની રેખાઓ કહેતી હતી કે એ જરૂર આવશે!!

પણ પછી નકારાત્મક અને નબળાં વિચારોના સૂસવાટામાં થર થર ધ્રૂજી રહેલા શ્રધ્ધાના દિવડા ને મનોમન સકારાત્મક અને ઊંડા ભરોસાની હથેળીઓ "ઓલવાવુ' થઈ રહેલી દીવડાની જ્યોત ફરતે ગોઠવાઈ ગઈ પણ મનનો સંશય એમ.કેડો મૂકે એમ નહોતો.: કે, 'પણ એ આવી તો શકશે ને?'


લઘુનવલકથા
યોગેશ પંડયા

તેની ભાષા ગહન હતી.પણ એ અને આશ્રમ..એ વાતનો કોઈ તાળો મળતો નહોતો.આનંદ ને થયું કે પોતે તેને અહીં આવવા મજબૂર તો નહોતો કરતો ને?? પણ એ આટલા વરસે મળી તો પછી એને નિરાંતે મળવા મન ક્યાં ઝાલ્યું રહે એમ હતું?!

★★

- બાજુવાળા રૂમમાં ઉતરેલા અને ચારપાંચ દિવસથી મિત્ર બની ગયેલા અવિનાશભાઈએ સાદ પાડ્યોઃ આનંદભાઈ, ચાલો જમવા નથી આવવું? સમય ઓવર થઈ રહ્યો છે..!"

"હા,હા..ચાલો... મેં હમણાં જ ઘડિયાળમાં જોયું. ત્યારે ખ્યાલ આવ્યો. પણ પછી મનની વાત મનમાં જ છૂપાવી દેતા હસી પડતા કહ્યું : રાહ જ હતી તમારી...."

"હા, આનંદભાઈ, તમારો પરિચય થયો, ખૂબ ગમ્યું. તમે તો આટલા સારા સર્જક, કવિ, વાર્તાલેખક..." પણ પછી આસપાસ જોતા પૂછી નાખ્યું...: "પૂજા નથી કે શું?"

"ના..અવિભાઈ, એ તો બધા મિત્રો ફરવા નીકળ્યા છે. મસૂરી બાજુ.."

'લે, તો તમે ના ગયા.?'

"ના રે ના અવિભાઈ.., એ યંગ જનરેશનની વચ્ચે આપણે કબૂતરો વચ્ચે કાગડા જેવા લાગીએ. એ લોકો ભલે એન્જોય કરતા. આપણે તો ભલુ આ હરિનું દ્વાર અને ભલો આ ગંગાનો કાંઠો.."

"હા, આનંદભાઈ, યુ આર ટોટલી રાઈટ..."

બન્ને સાથે જમવા ગયા. ત્યાં ધર્મશાળામાં જ રસોડું હતું અને સ્વાદિષ્ટ ગુજરાતી રસોઈ થતી હતી. બન્ને મિત્રો પેટ ભરીને જમ્યા. આજે આનંદને ભૂખ પણ ખૂબ લાગી હતી. ખબર નહી, પણ કેમ? ...નહીંતર તાવ અને કમળો થયા પછી ભૂખ લાગતી જ નહીં અને પૂજાની એ મોટી ફરીયાદ હતી. જમીને આનંદ રૂમે આવ્યો.આજે ઘણા દિવસો પછી સારીપટ જમાઈ ગયું હતું.તેની આંખો સહેજ ભારઝલ્લી થવા લાગી. એ પડખે થયો ને આંખમાં નીંદર ભરાવા લાગી. પૂજા ક્યારે આવે એનું તો કાઈ નક્કી જ નહોતું.સાંજે પણ આવે કે કાલ સવારે પણ આવે. તે ગઈ ત્યારે ખૂબ આગ્રહ કરતી હતી,"પપ્પા,એક વાર તમે આવો.ત્યાં મસૂરી ની પહાડીઓ ઉપર કૂદરતે છુટ્ટે હાથે પોતાનું સૌંદર્ય વેર્યું છે..પહાડીઓ, ઉપરથી વહેતા ઝરણા,ત્યાંની લીલીછમ્મ વૃક્ષવેલી, ..જન્નત જોઈ લો જાણે!" તમને કવિતાઓ ઉપર કવિતા સૂઝશે!!" અને એ હસી પડેલી..:"તમારા જમાનાની રોમેન્ટિક કવિતાઓ.."

"હવે જા ને અલ્હડ છોકરી.." હસીને પોતે વાત વાળી લીધી હતી. કહ્યું હતું કે તમે જ જઈ આવો. નિરાંતે ફરી આવો.જ્યાં પણ આ રીતે રોકાવું હોય ત્યાં રોકાજો..નો ઓબ્જેક્શન.."

પૂજા કહેતી હતી કે ત્યાં જુદા જુદા પ્રાકૃતિક સ્પોટ છે...ત્યાં ટેન્ટ નાખીને રાત્રિ પસાર કરવાની ખૂબ મજા આવશે.પણ પોતે ત્યાં જવાની અનિચ્છા બતાવી હતી.અત્યારે થયું કે પોતાની'ના'પાછળ કોઈ સંકેત જરૂર હશે!..એ સંકેત કદાચ રૂપા સાથે આ રીતે મળવાનો કે મળી જવાનો સંયોગ પણ હોય..!!

આનંદ વિચારોં ના વમળ માં આમતેમ ગડથોલા ખાતો હતો કે ત્યાં જ ખાલી ઠાલું દીધેલું રૂમનું બારણું હળવેકથી ખૂલ્યું.. બારણું ખૂલવાનો અવાજ આવ્યો કે, આનંદ પલંગ પરથી સફાળો બેઠો થઈ ગયો. જોયું તો રૂપા હતી. આનંદ પલંગ પરથી નીચે ઉતરીને તેને તેડવા સામો આવ્યો. રૂપાએ આસપાસ જોયું. આનંદ એકલો જ હતો. રૂપા ત્યાં ઊભી રહી ગઈ...અને પછી મંદ પગલે આનંદની સામે આવીને ઊભી રહી. આનંદે બારણું આડું કર્યું.

"અરે તું? અત્યારે??? ઓહ..!આવ..... " આનંદને પણ ક્યા શબ્દોમાં તેનો આદર સત્કાર કરવો એ ઘડીક તો સૂઝ્યું જ નહીં. એને એમ હતું કે રૂપી કદાચ નહીં આવી શકે. પણ તેના આશ્ચર્ય વચ્ચે દીધેલું વચન પાળી બતાવ્યું!એના ચહેરા ઉપર થોડો ગભરાટ હતો પણ આનંદ પણ હવે સ્વસ્થ થઈ ગયો હતો..

"બેસ...બેસ... નિરાંતે બેસ. કોઈ ગભરાટ વગર બેસ." તેણે કહ્યું પણ તોય થોડા ગભરાટ સાથે રૂપા સામેના બેડ ઉપર બેઠી.

"તું આવી...એ ગમ્યું, એમ કહુ એના કરતા તું જ્યાંથી આવી ત્યાંથી આવી શકી એ માટે તારી હિંમતને ધન્ય છે! કશુંક ભેદી અને રહસ્યમય છે તારી જીંદગી.... તેં મોઘમ ઈશારાથી કહ્યું પણ હું સમજી ન શક્યો રૂપા."

"સારૂ છે, નહિંતર દુઃખી થાત." રૂપાએ નજર ઢાળીને કહ્યું :"તમારો સ્વભાવ બીજાના દુઃખે દુઃખી થવાનો છે. એ જાણુ છું અને હજીય એ સ્વભાવ બદલાયો નહીં જ હોય. કેમ કે. પ્રાણ અને પ્રકૃતિ હંમેશાં સાથે જ જાય છે." બોલતા બોલતા તેના ચહેરા ઉપર આછું સ્મિત આવ્યું. પહેલીવાર તેના ચહેરા ઉપર ચિત્રનાં આછાં રંગે રંગના લસરકા જેવું સ્મિત જોઈને આનંદને તસલ્લી વળી. એણે ઊભા થઈને સામેના પોટમાંથી પાણીનો ગ્લાસ લઈને રૂપાને આપ્યું : 'હાંફી પણ ગઈ છે, અને થાકી પણ ગઈ છો.."

"થાક...જીવતરનો થાક.." એકીશ્વાસે પાણી ગટગટાવી જઈને ગ્લાસ પાછો આપતા કહ્યું : "જેટલી કાપી એટલો થાક નથી, એટલો થાક, હવે કેમ કપાશે એવા નબળાં વિચારોનો લાગે છે."

આનંદ કરૂણાભરી નજરે તેને તાકી રહ્યો. રૂપાએ આસપાસ જોયું. કે કોઈ છે કે નહીં? પણ આનંદે એનો ખુલાસો કરતા કહ્યું : "અહીં મારા સિવાય કોઈ નથી. દીકરી તો કદાચ કાલેય આવે. એ આસપાસમાં ફરવા ગઈ છે, એક તું છે, એક હું છું. અને મને એટલી તો ખાતરી છે કે, મારી બીક તો તને નહીં લાગતી હોય."

બરાબર એજ સમયે કોઈ બહારથી આવીને રૂમનો દરવાજો ખોલવા ગયું તો રૂમમાં કોઈ સ્ત્રીનો અવાજ આવતો હતો. તે વ્યક્તિ થંભી ગઈ..આ અવાજ તો અજાણ્યો હતો. કોઈ દિવસ પણ સાંભળ્યો નથી આ અવાજ! તો પછી આ અવાજ કોનો હતો??

આવતલ વ્યક્તિ બહાર જ ઊભી રહી ગઈ ....

"ઓહ!!" એ સ્ત્રી ના શબ્દો સાવ ચોખ્ખા જ સંભળાતા હતા. "જેની ઉપર વિશ્વાસ મૂક્યો હતો એ બધા જ ફરેબ નીકળ્યા સાહેબ! અને હવે સઘળાં પુરૂષોમાં રાવણ જ દેખાય છે. ! જીંદગીમાં પહેલો અને છેલ્લો એક જ પુરૂષ...કે જેની સાથે દિવસ તો ગાળી શકું પણ એની સંગાથે કાળી માઝમ રાત્રે કોઈ રસ્તો કાપવાનો હોય, તો હું બેધડક નીકળી પડું એ પુરુષ એક માત્ર ' તમે છો. એ વાત છાતી ઉપર હાથ રાખીને બોલું છું."

"અરે..! આ કોણ સ્ત્રી છે??" આવતલ વ્યક્તિએ બારણું સહેજ હડસેલ્યું.અને અને...

(ક્રમશઃ) ■

# જો કે મેં હજી સુધી વિજય સાવલિયાને જોયો તો નથી જ




"સ મારું... બસ...! પરંતુ હવે તું મારું કહ્યું માન, જ્યોતિને તું સાવ ભૂલી જા. હું નોકરીએ લાગ્યો ત્યારથી વિસાવદરમાં રહું છું ને જ્યોતિ વિશે મેં થોડી-ઘણી માહિતી મેળવી પણ છે. બારીકાઈથી તપાસ પણ કરી છે. તેના અતિ કિંમતી બંગલાને મેં મારી નજરે જોયો પણ છે. જો તું સાવ સાચી હકીકત જાણવા માગતો હો તો હું તને કહેવા માટે તૈયાર છું..."

"મારો સાચો અને ગાઢ મિત્ર થઈને પણ તું આવું પૂછે છે ? જ્યોતિ વિશે તેં જે કંઈ પણ જાણ્યું હોય તે અત્યારે જ કહી દે. મને કંઈકનું કંઈ થાય છે, ઝડપથી કહે... દામાએ ઉતાવળે કહ્યું એટલે તરત રણમલે વાત કરીઃ "જ્યોતિનો પતિ જંગલ ખાતાનો ઓફિસર, આ તો તને ખબર જ હશે... બરાબર ને ?"

"હા, એ મને ખબર છે. એ તો મને જ્યોતિએ જ કહ્યું હતું." દામા બોલ્યો.

"તો... એ વિજય સાવલિયા જંગલ ખાતાનો ઓફિસર એટલે કે આર.એફ.ઓ હતો. મારી આ વાત બરોબર સમજજે, એ ઓફિસર હતો, પરંતુ હાલમાં એ ઓફિસર નથી. મારું કહેવું તું સમજ્યો ને ? ન સમજણ પડી હોય તો હવે હું ચોખવટ કરીને કહું છું કે, તેને તેના જંગલ ખાતાએ ડિસમિસ કરી દીધો છે. હાલમાં તે ઘરે બેઠો છે અને મોટા બંગલામાં આમતેમ ફાંફા મારે છે. આવું ક્યાં કારણે થયું ? કેમ થયું ? તને કંઈ ખબર છે...?"


ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

"ના..., મને ક્યાંથી ખબર હોય ? તને તો ખબર જ છે એટલે તું કહે..." દામાએ ઉત્સુકતાથી કહ્યું એટલે રણમલે હવે વાત કરવી શરૂ કરી :

"તો સાંભળ : એ વિજય સાવલિયા અત્યારે અત્યંત દયનીય હાલતમાં જીવી રહ્યો છે. બસ... તે ચોવીસ કલાક દારૂના નશામાં પડ્યો રહે છે. આ દારૂની લતને કારણે તેણે તેની નોકરી ગુમાવી દીધી છે. તે પણ અત્યારે તે ફૂલ નશામાં જ રહે છે. હવે તેની પત્ની, તેની ઘરવાળી એટલે કે તારી કહેવાયેલી પ્રેમિકા જ્યોતિ સાવલિયા આવા દારૂડિયા, નશાખોર ધણીથી ખૂબ ખૂબ રિબાઈ રહી છે, મૂંઝાઈ રહી છે અને અકળાઈ પણ રહી છે. પરંતુ એક અબળા શું કરે ? બિચારી જ્યોતિની સારી એવી સરકારી શિક્ષકની નોકરી પણ આ યશેડીએ તેની જિદ્દ માત્રથી છૂટાવી દીધી. હા, જ્યોતિએ કંઈ એમ જ નોકરી નથી છોડી દીધી. તેમાં પણ આ ભાઈની આખરી જિદ્દ અને અજીબ પ્રકારની ધમકી પણ હતી. હાલમાં અત્યારે બંને સરકારી નોકરી વગરના થઈ ગયા છે...

"બસ..., વિજયમાં એક માત્ર સારો ગુણ એ હતો કે, પીધા પછી પણ તે ક્યારેય જ્યોતિને માર મારતો નહીં, બસ... આ તેનામાં મોટામાં મોટો ગુણ. ખૂબ દારૂ પીધા પછી બહુ થાય તો તે ખૂબ ખૂબ રડતો. ને આવા સમયે પણ જ્યોતિ તેને પ્રેમથી સાચવી લે છે. હું અહીં આવ્યો તેના બે દિવસ અગાઉ જ આ વિજય સાહેબે તેની બાપુડી પચાસ લીધા જમીન વેંચી નાખી છે. કારણ કે ઘર હોય અને આવું મોંઘું વ્યસન હોવાથી આખરે બોટલના રૂપિયા લાવવા ક્યાંથી ? બીજું આપે પણ કોણ ? હવે જમીન વહેંચી છે એટલે રૂપિયાનો પ્રશ્ન સોલ્વ થઈ ગયો. દારૂની બોટલ કંઈ મફતમાં તો નથી જ મળતી, અને અત્યારે જમીનના આવેલા રૂપિયા પણ વપરાવા લાગ્યા છે.

"તમને તો એમ થતું હશે કે રણમલને આવી બધી ખબર ક્યાંથી મળી હશે ? તો એ પણ સાંભળો : વિજય સાવલિયાને વિસાવદરમાં મોટો કિંમતી બંગલો છે, રજવાડામાં હોય તેવો... રાજમહેલ ! જે આખા વિસાવદરમાં પ્રખ્યાત છે. આ બંગલાની બરાબર સામે ક્રિષ્ના પેટ્રોલ પંપ આવેલો છે. બંગલા અને પંપ વચ્ચે માત્ર હાઈ-વે છે. હવે આ પેટ્રોલ પંપ પર મારે અવારનવાર ચેકિંગ કરવા જવાનું હોય છે. એટલે તો આ પંપના માલિક સાથે મારે મિત્રતા થઈ ગઈ છે. એકવાર વાત વાતમાં મેં તેમને પૂછ્યું કે શેઠ... આ સામેનો બંગલો કેટલો સરસ છે, રાજમહેલ જ જોઈ લો. આ બંગલો કોનો છે ? તો એ શેઠે મને બંગલોઈ તો ઠીક પણ આ બંગલામાં રહેતી હરેક વ્યક્તિ વિશેની રજેરજ માહિતી આપી. બધી મોટી હિસ્ટ્રી સંભળાવી હતી.

" જો કે મેં હજી સુધી વિજય સાવલિયાને જોયો તો નથી જ. અને જાણવા મળ્યું છે કે, તે તો રાત-દિવસ બસ મોજમાં એટલે કે દારૂના નશામાં જ રહે છે. અને આ વિજય સાવલિયા જવલ્લે જ ક્યારેક જ બંગલામાંથી બહાર નીકળે છે. એકાદ મહિના પહેલાં જ્યારે તેણે તેની જમીન વહેંચી હતી તે વખતે તે આ પેટ્રોલ પંપ પર થોડીવાર માટે ઊભો રહ્યો હતો, બસ... (ક્રમશઃ) ■



# નિજાનંદનો મનભર ઓચ્છવ છે એકાન્ત....!


સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

બુધ્ધને કે મહાવીરને કદી એવો વિચાર પણ ન આવ્યો કે જેના કલ્યાણ માટે તેઓ તપ કરે છે એ માણસજાતમાં કોઈ પાત્રતા નથી. તેમણે યોગ્યતા જોયા વિના સહુની પર અમૃત વર્ષા કરી અને એમ લાખો લોકો ધન્ય થયા. જેમણે કારણે કે અકારણે બીજાઓનું સદાય કલ્યાણ જ કરવું છે એમનું એકાંત મહાન સાધુપુરુષો કે ઈન્દ્રાદિક દેવો જેવું વિશુધ્ધ હોય છે. રામ એમના અવતારના આયુષ્યકાળમાં જેટલા યુધ્ધ બહાર લડ્યા છે એનાથી ક્યાંય અધિક યુધ્ધ તો તેઓ પોતાની ભીતર લડ્યા છે. અને રામના ભીતરી યુધ્ધોની તો અણકથિત એક અલગ જ રામાયણ છે. એ જ રીતે આપડે દરેક મનુષ્યો પણ મનના મોરચે એક સાથે અનેક જંગ છેડી બેઠાં હોઈએ છીએ.

એ હદ અને સરહદ જ્યાં સુધી શાંત ન થાય ત્યાં સુધી અનહદમાં કેમ પ્રવેશ થાય ? અને અનહદને ઓળખ્યા વિના એકાંત વિશુધ્ધ રૂપે માણી શકાતું નથી.

અનેક લોકો વાનરવૃત્તિથી એકાંતે પોતાના ઘા પર જ નખ ફેરવે છે ને એ રીતે જગતે આપેલા ઘા ને જાતે જ વધુ ગહેરો કરે છે. વાનરને ક્યાંય ઈજા થાય તો પછી એનું મૃત્યુ નિશ્ચિત હોય છે. કારણ કે જરાક જેટલી ઈજાને એ ભીષણ અને વિકરાળ બનાવી મૂકે છે. અભાવો અને આઘાતોને મમળાવતી કે ચોકલેટની જેમ ચગળતી વ્યક્તિએ પતન માટે કોઈ ઠેશ ખાવાની જરૂર નથી કારણ કે એ સ્વયંથી જ સ્વયંને પછાડે છે. એવા લોકોને શત્રુની પણ જરૂર હોતી નથી. એની સામે એક વર્ગ એવો છે જે એકાંતે તરંગોમાં જ વિહાર કરે છે. વિચાર અને તરંગમાં તફાવત છે. તરંગો જે રીતે ઉછળે એ જ રીતે પાછા શમી જાય. તરંગો આવે અને જાય. પરંતુ વિચારમાં અખંડ શક્તિ છે. એટલે જ કહેવાય છે કે કોઈ પણ શુભ વિચારને આ બ્રહ્માંડની શક્તિનું સમર્થન મળે છે.

આજે એકાન્તમાં જે ચિંતવન કરો એ જ આગળ જતાં તમારા ચિત્તવન પર છવાઈ જાય છે. આજના વિચારો આપણી આવતીકાલને ઘડે છે. લોકો આવતીકાલ માટે બહુ સારી કલ્પના ને ચાહના ભલે રાખે પરંતુ એને અનુરૂપ જો તેઓનો વિચારલોક ન હોય તો એક પણ સપનું સાકાર થતું નથી. કેટલાક લોકો એમ માને છે કે વિચારથી શું.? પરંતુ ખરેખર તો વિચાર જ ઘટનાઓમાં રૂપાંતરિત થવાના હોય છે. એકાન્તનો જેને અનુરાગ હોય એ સાધુતાના રસ્તે આગળ ધપી શકે. ખરા સાધુને કોઈનોય સંગ ન ખપે. ન શિષ્યોનો કે ન ગુરુજનોનો. હિમાલયમાં આજે પણ અનેક એવા અસંગ સાધુઓ છે. જે એકાન્તનું જ પાન કરે છે.

આપણે માટે એકાંત એટલું સુગમ નથી. લોકો ટ્રેનના પ્રવાસમાં પણ શાંતિથી બેસી શકતા નથી. ગમે તેની સાથે વાતોના તડાકા ચાલુ કરી દે છે. કેટલાક લોકોને કોઈ પણ કામકાજ વિના જુદા જુદા લોકોને ફોન કરીને વાતોના વડા બનાવવામાં એટલો રસ હોય છે કે તેમના પગ નીચેથી સાપ પસાર થતો હોય તો પણ એમનું ધ્યાન ન પડે. જે રીતે ઘરનો ભૂખ્યો આ દુનિયામાં ક્યાંય ધરાય નહિ એ રીતે જાતના દુઃખ્યા ગમે તેટલા બહાર ભટકે પણ એમ સુખ કંઈ પારકે ટોડલે ટિંગાયેલું જડવાનું હોતું નથી. માણસ જાત બહુ જ અજબ છે. પહેલા અભિમાન પછી એમાં ભૂલ અને પછી એનો દોષ બીજાને આપવાની પ્રયુક્તિ. ખરેખર આ સંસારમાં વિવેક જેવું ટોનિક એકેય નથી. રોજ સવારે એક એક ચમચી મગજમાં ઉતારીએ તો આખો દિવસ લીલ્લોછમ થઈ જાય. પણ એકાંતની ઉપાસના વિના વિવેકનો અંતઃકરણે પ્રાદુર્ભાવ થવો આસાન નથી.


નડિયાદમાં પૂજ્ય મોટાએ આખા ગુજરાતને એકાંતનો બોધ આપ્યો. તેઓ પોતે એકાન્તના અખંડ ઉપાસક. એમને કારણે ઘણા લોકો એકાન્ત તરફ વળ્યા. એકાંતનો બીજો એક ઉપાય મૌન પણ છે. બધા વચ્ચે હો તો પણ મૌન જ તમને ટોળા વચ્ચેય એકાંત આપે. કેટલાક લોકો મૌન રહે અને પાટીપેન સાથે રાખે. આખો દિવસ એમાં લખલખ કરે. આવા નાટ્યાત્મક એકાંતનો કોઈ અર્થ નથી. મૌન તો છે જ મનને શાંત કરવા માટેની ઔષધિ. હવે જો તમારી લખાપટ્ટી ચાલુ જ રહેવાની હોય તો એ એક પ્રકારની લિખિત બકબકાવલિ જ છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# મોરબી-હળવદ હાઈવે પર અકસ્માતમાં તાલુકા પંચાયત સભ્ય સહિત પાંચના મોત

મોરબી,તા.૦૬

મોરબી-હળવદ હાઈવે પર ચરાડવા ગામ નજીક શુક્રવારે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં તાલુકા પંચાયતના સભ્ય સહિત પાંચ લોકોના મોત નિપજ્યા હતા, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ, રણછોડગઢ ગામના પરેશભાઈ દિલીપભાઈ દઢૈયા બાઈક અકસ્માતમાં ઈજાગ્રસ્ત થતાં




તેમના પરિવારજનો અને ગામના અન્ય લોકો તેમને સારવાર માટે કારમાં હોસ્પિટલ લઈ જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની કિયા કાર ચરાડવા નજીક ડમ્પરના પાછળના ભાગે જોરદાર અથડાઈ હતી.અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો કચ્ચરઘાણ થઈ ગયો હતો અને અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે બુલડોઝરની મદદ લેવી પડી હતી. ઘટનામાં સુરેશભાઈ વિસાભાઈ સિરોયા, વિરમભાઈ ભીમાભાઈ દઢૈયા, પરેશભાઈ દિલીપભાઈ દઢૈયા, પ્રેમજીભાઈ દઢૈયા અને ભરતભાઈ દઢૈયાના મોત થયા હતા. પ્રેમજીભાઈ દઢૈયા આમ આદમી પાર્ટીના રણછોડગઢ તાલુકા પંચાયતના સભ્ય હતા. પોલીસે અકસ્માત અંગે તપાસ શરૂ કરી છે.

# મહારાષ્ટ્રના જલગાંવમાં કારે બાઈકને ટક્કર મારતા એક જ પરિવારના ચાર સભ્યોના મોત

**પરિવાર બાઈક પર બેસી લસ્સી પીવા જઈ રહ્યો હતો ત્યારે સર્જાયો અકસ્માત**

મુંબઈ,તા.૦૬

મહારાષ્ટ્રના જલગાંવમાં મુંબઈ-નાગપુર હાઈવે બાયપાસ પર વારણગાંવ નજીક એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. મલ્કપુરના એક જ આદિવાસી પારધી પરિવારના ચાર સભ્યો બાઈક પર લસ્સી




પીવા જઈ રહ્યા હતા, ત્યારે વિરુદ્ધ દિશામાંથી આવતી પૂરપાટ ઝડપે દોડતી સ્કોર્પિયો કારે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં એક વર્ષની માસૂમ બાળકી અને એક મહિલા સહિત પરિવારના ચારેય સભ્યોના મોત નીપજ્યા છે. અકસ્માત એટલો વિકરાળ હતો કે બાઈક સંપૂર્ણપણે કચડાઈ ગયું હતું. સ્થાનિક લોકોની મદદથી ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકોમાં ઓગણીસ વર્ષનો વિજય કાલે, ત્રીસ વર્ષની ઐશ્વર્યા ભોસલે, ચૌદ વર્ષનો વિગ્નેશ ચવ્હાણ અને એક વર્ષની મોનાલિસા ભોસલે સામેલ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**અમર ડેરીના ચેરમેન અશ્વિન સાવલીયા, મનિષ સંઘાણી સહિતના અગ્રણીઓની હાજરી**

# અમેરિકામાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી અને વચ્ચે બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૬

વૈશ્વિક મંચ પર ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીએ ભારતીય સહકારી ચળવળની ઐતિહાસિક સિદ્ધિઓ તેમજ દેશના કરોડો ખેડૂતોના સશક્તિકરણ અને આર્થિક ઉત્થાનમાં ઈફકોની મહત્વની ભૂમિકાને મજબૂત રીતે રજૂ કરી હતી. આ મહત્વપૂર્ણ બેઠક દરમિયાન કૃષિ વિકાસ, ગ્રામીણ આજીવિકામાં સુધારો, સહકારિતા આધારિત વિકાસ મોડલ અને સંયુક્ત રાષ્ટ્રના સતત વિકાસ લક્ષ્યોને હાંસલ કરવા અંગે અત્યંત સાર્થક અને ગહન ચર્ચા થઈ હતી.

પર્યાવરણની સુરક્ષા અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા માટે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા તેમજ ખેતી ખર્ચ ઘટાડી વૈશ્વિક સ્તરે ક્રાંતિ સર્જનાર ઈફકોના નેનો યુરિયા અને અન્ય નેનો ટેકનોલોજી આધારિત ઉત્પાદનોના પ્રસાર




અંગે વિસ્તૃત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. UNDP ના વરિષ્ઠ અધિકારીઓએ ભારતના આ ગ્રીન ટેકનોલોજી મોડલની મુક્ત કંઠે સરાહના કરી હતી. આ બેઠકમાં કૃષિ અને ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં ભવિષ્યની ભાગીદારી, ટેકનોલોજીના આદાન-પ્રદાન અને પરસ્પર સહયોગની સંભાવનાઓ પર પણ હકારાત્મક ચર્ચા થઈ હતી. આ આંતરરાષ્ટ્રીય બેઠકમાં દિલીપ સંઘાણીની સાથે અગ્રણી સહકારી આગેવાનો સર્વ અશ્વિનભાઈ સાવલિયા, મનીષભાઈ સંઘાણી તેમજ તરુણ ભાર્ગવ સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં સક્રિયપણે ભાગ લીધો હતો.

# અફઘાનિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટમાં ભારતે ૩ વિકેટ ગુમાવી ૩૬૮ રન બનાવ્યા

મુલ્લાનપુર,તા.૦૬

ભારતે અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ મેચના પહેલા દિવસે ૩ વિકેટના નુકસાને ૩૬૮ રન બનાવ્યા છે. મુલ્લાનપુરના મહારાજા યાદવેન્દ્ર સિંહ સ્ટેડિયમ ખાતે ભારતે ટૉસ જીતીને પહેલા બેટિંગ લીધી હતી. શનિવારે પ્રથમ દિવસના સ્ટમ્પ્સ સુધીમાં ત્યાં સુધીમાં શુભમન ગિલ અને રિષભ પંત અણનમ પરત ફર્યા હતા. કેપ્ટન શુભમન ગિલે અણનમ ૧૦૩ રનની





ઈનિંગ રમી હતી. જ્યારે કેએલ રાહુલ ૧૦૦ રન બનાવીને આઉટ થયો હતો. રિષભ પંત ૫૦ રન બનાવીને ક્રિઝ પર અણનમ રહ્યો છે. આ સિવાય સાઈ સુદર્શને ૮૧ રનની શાનદાર ઈનિંગ રમી હતી. અફઘાનિસ્તાન તરફથી મોહમ્મદ સલીમને ૨ વિકેટ મળી હતી, જ્યારે ઝિયાઉર રહમાન શરીફીના ખાતામાં એક વિકેટ ગઈ હતી.

# ભાવનગર એલસીબી પોલીસે અમદાવાદ-ધોલેરા હાઈવે પર ટ્રકમાંથી ૧૨૦૦૦થી વધુ વિદેશી દારૂની બોટલ ઝડપી

ભાવનગર,તા.૦૬

ભાવનગર જિલ્લા એલસીબી પોલીસને ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન એક મહત્વની સફળતા મળી છે. પોલીસને બાતમી મળી હતી કે અમદાવાદ-ધોલેરા હાઈવે પર આવેલા અધેલાઈ સર્કલ નજીક એક શંકાસ્પદ કન્ટેનર ટ્રક ઊભો છે. બાતમીના આધારે પોલીસે તુરંત ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. સર્કલ પાસે ઊભેલા કન્ટેનર (GJ-૧૫-XX-૧૦૮૪)ની



તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનરમાંથી જુદી-જુદી બ્રાન્ડની કુલ ૧૨,૯૮૪ દારૂની બોટલો જપ્ત કરી હતી. જોકે, પોલીસની રેડ દરમિયાન તકનો લાભ લઈને કન્ટેનરનો ચાલક નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે જપ્ત કરેલા મુદ્દામાલમાં ૭૫૦ એમ.એલ.ની ૧,૫૬૦ બોટલો, જેની કિંમત આશરે આઠ લાખ એક્યાસી હજાર રૂપિયા થાય છે, અને ૧૮૦ એમ.એલ.ની ૧૧,૪૨૪ બોટલો, જેની કિંમત પંદર લાખ બેતાલીસ હજાર રૂપિયા જેટલી થાય છે, તેનો સમાવેશ થાય છે. આ સાથે પંદર લાખની કિંમતનું કન્ટેનર મળીને પોલીસે કુલ રૂપિયા ૩૯,૨૩,૬૪૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. એલસીબી પોલીસે આ તમામ જથ્થો વેળાવદર પોલીસ સ્ટેશનમાં સોંપીને ફરાર ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ સાથે કોકરોચ જનતા પાર્ટીનું દિલ્હીના જંતરમંતર ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન

નવી દિલ્હી,તા.૦૬

NEET પેપર લીક મામલે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે કોકરોચ જનતા પાર્ટી, એટલે કે CJP એ શનિવારે દિલ્હીના જંતર-મંતર પર ૫ કલાક પ્રદર્શન કર્યુ હતુ. પાર્ટીના સ્થાપક અભિજીત દીપકે કહ્યું હતુ કે મંત્રી આજે સાંજે ૫ વાગ્યા સુધીમાં રાજીનામું આપે, નહીં તો આખા દેશમાં પ્રદર્શન કરવામાં આવશે. આવતા શનિવારે, એટલે કે ૧૩ જૂને જંતર-મંતર પર ફરી પ્રદર્શન



કરશે. CJI ને જંતર-મંતર પર આજે સાંજે ૫ વાગ્યા સુધી પ્રદર્શન કરવાની પરવાનગી મળી હતી, પરંતુ લગભગ ૩ વાગ્યે જ અભિજીત અને સોનમ વાંગચુક ધરણા સ્થળ પરથી રવાના થઈ ગયા હતા. આ પછી પ્રદર્શન સમાપ્ત થઈ ગયું હતુ. અભિજીત શનિવારે સવારે જ અમેરિકાથી દિલ્હી પાછા ફર્યા હતા. તેઓ એરપોર્ટથી સીધા જંતર-મંતર પહોંચ્યા હતા. અહીં અભિજીત આંબેડકરની આત્મકથા અને બંધારણની નકલ લઈને પહોંચ્યા હતા. દિલ્હીના જંતર-મંતરમાં પ્રદર્શન અભિજીત દીપકેની આગેવાની હેઠળ થયું હતું. સોશિયલ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક પણ આ પ્રદર્શનમાં સામેલ થયા હતા. આ ઉપરાંત CJPના પ્રવક્તા આશુતોષ રાંકા પણ અભિજીત સાથે જોવા મળ્યા હતા. આશુતોષ IIT કાનપુરથી પાસ આઉટ છે. ગયા વર્ષે જ લંડનથી ભારત પાછા ફર્યા હતા.

# ઉનાના ખાણ ગામે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ઉના, તા. ૦૬

૫ જૂને 'વિશ્વ પર્યાવરણ દિવસ' નિમિત્તે અંબુજા ફાઉન્ડેશન અને બેટર કોટન ઈનિશિયેટિવ દ્વારા ઉના તાલુકાના ખાણ ગામમાં ઉત્સાહભેર ઉજવણી કરાઈ હતી. મુખ્ય અતિથિ આયુર્વેદાચાર્ય ડૉ. દમણિયા સાહેબે જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. ફાઉન્ડેશનના પ્રોગ્રામ મેનેજર કિરીટ જસાણીએ દેશી ખાતર



અને જીવામૃતના ઉપયોગ અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે ગ્રામજનોને ચકલી ઘર અને છોડનું વિતરણ કરી વૃક્ષારોપણ કરાયું હતું. શાળાના શિક્ષક સંજય સાહેબે ૧૫૦ ઔષધીય છોડ ધરાવતા 'ઈકો પાર્ક'ની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ગામના ૮૦ જેટલા સભ્યો અને કેસરિયાની ટીમે હાજર રહીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ ફેલાવ્યો હતો.

**ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરીયાના હસ્તે**

# અમરેલીમાં રૂા. ૧૭ કરોડના ખર્ચે વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૦૬

અમરેલી શહેરમાં અંદાજિત રૂપિયા ૧૭ કરોડના ખર્ચે નિર્માણ પામનાર પ્રાંત કચેરી, મામલતદાર ગ્રામ્ય કચેરી અને મોડેલ સબ રજિસ્ટ્રાર ઓફિસના આધુનિક સંયુક્ત વહીવટી સંકુલનું ખાતમુહૂર્ત ઊર્જા અને કાયદો વિભાગના રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ નવી કચેરીઓ કાર્યરત થયા બાદ શહેરી, ગ્રામ્ય તથા જિલ્લાના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ એક જ સ્થળે અને એક જ છત નીચે ઉપલબ્ધ બનશે. વર્તમાન સમયમાં વિવિધ વહીવટી સેવાઓ માટે નાગરિકોને અલગ-અલગ કચેરીઓમાં જવું પડતું હોય છે, જેના કારણે સમય અને શ્રમનો વ્યય થાય છે. આ નવા સંયુક્ત વહીવટી સંકુલના નિર્માણથી જમીનના દસ્તાવેજોની નોંધણી,



આવક તથા જાતિના પ્રમાણપત્રો, મહેસૂલ સંબંધિત અરજીઓ, જમીનના રેકોર્ડ અને અન્ય વહીવટી કામગીરી માટે નાગરિકોને એક જ સ્થળે ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે. આ સુવિધાથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના નાગરિકો, ખેડૂતો, વકીલો અને અરજદારોને વિવિધ કચેરીઓ વચ્ચે ધક્કા ખાવાની જરૂર રહેશે નહીં. જુદા-જુદા વિભાગોની સેવાઓ નજીકમાં ઉપલબ્ધ બનતાં વહીવટી કામગીરી વધુ ઝડપી, સરળ અને પારદર્શક બનશે. આ સંકુલમાં પ્રાથમિક સુવિધાઓ ઉપરાંત રેઈન વોટર હાર્વેસ્ટિંગ, પાર્કીંગ શેડ, હરિયાળું ગાર્ડન અને આધુનિક અગ્નિશમન વ્યવસ્થા જેવી સુવિધાઓ વિકસાવવામાં આવશે.

# તુલસીશ્યામમાં રૂ.૨૫ લાખના ખર્ચે આધુનિક ધુમાડા રહિત રસોડું કાર્યરત

રાજુલા, તા.૦૬

સૌરાષ્ટ્રના પ્રખ્યાત તીર્થધામ તુલસીશ્યામ ખાતે ભક્તોની સુવિધામાં વધારો કરતો એક પ્રશંસનીય નિર્ણય લેવાયો છે. તુલસીશ્યામ ટ્રસ્ટ અને દાતાઓના આર્થિક સહયોગથી અહીં ૨૫ લાખ રૂપિયાના ખર્ચે અત્યાધુનિક, ધુમાડારહિત ઈલેક્ટ્રિક રસોડું શરૂ કરવામાં આવ્યું છે. આ અદભુત રસોડું વીજળી અને ઓઈલના સમન્વયથી માત્ર એક કલાકમાં



તસવીર : ગોપાલ રાઠોડ

૫૦૦૦ ભક્તો માટે ગરમાગરમ પ્રસાદ તૈયાર કરવાની ક્ષમતા ધરાવે છે. તાજેતરમાં વિશ્વ વંદનીય સંત પરમ પૂજ્ય મોરારીબાપુએ આ પવિત્ર ભૂમિની મુલાકાત લીધી હતી. તેમણે ભગવાન શ્યામના દર્શન કર્યા બાદ આ આધુનિક કિચન તેમજ ગૌશાળાનું બારીકાઈથી નિરીક્ષણ કરીને ગહન રાજીપો વ્યક્ત કર્યો હતો.આ ઉપરાંત, સરકારના પ્રવાસન વિભાગ દ્વારા મંદિરના સર્વાંગી વિકાસ માટે ૮.૩૦ કરોડ રૂપિયાની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ રકમથી મુખ્ય પ્રવેશદ્વાર, આકર્ષક રોશની, વિશાળ પાર્કિંગ અને ડુંગર પર જવાના રસ્તાઓ જેવા અનેક લોકઉપયોગી કાર્યો એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

# ચાંડુવાવ ખાતે ખેત બચાઓ અભિયાનમાં કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રીનું ખેડૂતોને માર્ગદર્શન

વેરાવળ,તા.૦૬

સમગ્ર દેશમાં જૂન મહિના દરમિયાન આયોજિત 'ખેત બચાઓ અભિયાન' અંતર્ગત કેન્દ્રીય કૃષિ રાજ્ય મંત્રી ભગીરથ ચૌધરીએ ગત રોજ સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ચાંડુવાવ ખાતે ખેડૂત સભાને સંબોધિત કરી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (કોડીનાર) અને ગુજરાત સરકારના કૃષિ વિભાગ દ્વારા આયોજિત આ



કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્યો, પદાધિકારીઓ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સહિત વિવિધ સંશોધન સંસ્થાઓના વૈજ્ઞાનિકો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રીએ જમીનનું સ્વાસ્થ્ય સુધારવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા, લીલા પડવાશનો ઉપયોગ કરવા તેમજ પરંપરાગત યુરિયા-ડીએપીના સ્થાને નેનો યુરિયા અને નેનો ડીએપી જેવા ન્યૂ-એજ ફર્ટિલાઈઝર્સ વાપરવા પર ભાર મૂક્યો હતો. આ સભામાં ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ, પીએમ કિસાન યોજના અને ફાર્મર આઈડી જેવી યોજનાઓથી માહિતગાર કરાયા હતા. આ પ્રસંગે મુકાયેલા અમૃત આહાર કેન્દ્રના સ્ટોલ અને જીવામૃતના લાઈવ ડેમોએ ઉપસ્થિત વિશાળ ખેડૂત સમુદાયમાં આકર્ષણ જમાવ્યું હતું.

06-2026
માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં
મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં
૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ
ધોરણ : ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ : ૯ અને ૧૦ (ગુજરાતી માધ્યમ)
સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ
શું આપની દિકરીને 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' આટકોટ માં ધોરણ ૫ થી ૮ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ B.A., B.Com, B.C.A., B.Ed., M.Ed., A.N.M. નર્સિંગ, G.N.M.નર્સિંગ, B.Sc. નર્સિંગ, P.B.B.Sc. નર્સિંગ, કે M.Sc. નર્સિંગ. મહિલા નિવાસી સંકુલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ? તો પાટીદાર ભવન, આટકોટ રોડ, જસદણ નો સંપર્ક કરો... વધુમાં વધુ રૂા.૨૦૦૦૦/- સુધીની વાર્ષિક સ્કોલરશીપ મેળવો.
મુળ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ કે જે ગુજરાતમાં કોઈપણ જગ્યાએ સ્થાયી થયેલ હોઈ વર્તમાન મહા ભયંકર મંદીમાં આપ પણ આર્થિક સંકડામણ ભોગવતા હોઈ આપનું સંતાન દિકરીની ઉચ્ચ કારકિર્દી બનાવવા 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' - આટકોટ ના મહિલા નિવાસી સંકુલ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા માંગતા હો તો અચૂક અમારો સંપર્ક કરવા વિનંતી...
સંપર્ક કરો...
પાટીદાર ભવન - જસદણ. આટકોટ રોડ, જસદણ જી.રાજકોટ મો. ૯૭૨૫૧ ૩૮૭૯૯ / ૯૭૩૭૦ ૧૩૮૧૯
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ
મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૪૩ ૨૪૧૬૩
શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતં હોય.
એનો જવાબ છે કે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું" ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે
'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'

# અમરેલીસહિતસૌરાષ્ટ્રમાંઆગામી૭ દિવસસુધીહળવાવરસાદનીઆગાહી

ગાંધીનગર,તા.૦૬

રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હવે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું અરબી સમુદ્રના વધુ ભાગો, ગોવા અને કર્ણાટક તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ સાનુકૂળ પરિસ્થિતિના કારણે આગામી દિવસોમાં ગુજરાતમાં પણ ચોમાસાની વ્યાપક અસરો જોવા મળશે, જ્યારે મુંબઈમાં આ વર્ષે ચોમાસું સમયસર અથવા તો નિર્ધારિત સમય કરતાં વહેલું દસ્તક આપી શકે છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા ચોવીસ કલાકમાં ઉત્તર ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં હળવો વરસાદ નોંધાયો હતો. તેની સામે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દીવ-દમણ અને દાદરા નગર હવેલીમાં હવામાન સંપૂર્ણપણે સૂકું રહ્યું હતું. જોકે, સૌરાષ્ટ્ર



અને કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાતાં લોકોને ગરમીથી થોડી રાહત મળી છે. આગામી દિવસોમાં વરસાદનું જોર થોડું ઘટશે, પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અમરેલી તથા ભાવનગર જેવા જિલ્લાઓમાં આગામી સાત દિવસ સુધી છૂટાછવાયા વિસ્તારોમાં હળવો વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં.

# રાજયના નવા ડીજીપી તરીકે જી.એસ.મલિકની નિમણૂંક

અમદાવાદ,તા.૦૬

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શનિવારે એક મહત્વપૂર્ણ નિર્ણય અંતર્ગત અમદાવાદના પોલીસ કમિશ્નર જી.એસ.મલિકને રાજ્યના નવા કાયમી ડીજીપી (DGP) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. મૂળ હરિયાણાના અને ૧૯૯૩ની બેચના આ સિનિયર આઈપીએસ (IPS) અધિકારી અગાઉ બીએસએફ (BSF) અને સીએસએફ (CISF)માં એડીજી (ADG) તરીકે પણ સેવાઓ આપી ચૂક્યા છે. રાજ્યમાં છેલ્લા



પાંચ મહિનાથી કે.એલ.એન. રાવ ઈન્ચાર્જ ડીજીપી તરીકે કાર્યરત હતા, જેઓ હવે સીઆઇડી (CID) ક્રાઈમ અને જેલ વિભાગના ડીજી તરીકે પોતાની સેવાઓ યથાવત રાખશે. જી.એસ.મલિક ઓક્ટોબર ૨૦૨૮માં નિવૃત્ત થશે. આ બદલીના કારણે હવે અમદાવાદ શહેરને પણ ટૂંક સમયમાં નવા પોલીસ કમિશ્નર મળશે.

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા
વ્હાઈડ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોનઃ ૦૨૭૯૨- ૨૨૬૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

25 વર્ષથી આપનો વિશ્વાસુ જ્વેલર
ઉત્તમ કારીગરી • સર્ટીફાઈડ જ્વેલરી • પારદર્શી વ્યવહાર
સોનું ઝાડ પર નથી ઉગતું !
BIS-916 HUID હોલમાર્ક જ્વેલરી શો-રૂમ
લો બોલો હવે
Scan QR Code
MGA મધુવન ગોલ્ડ આર્ટ
Since : 2000
ટાવર રોડ, અમરેલી. 02792 - 222208 94264 23006
madhuvangold.in

# મારો વિરોધ કરવા કરતા ચાદર ચડાવવા જતા હિન્દુઓનો વિરોધ કરો : ધીરેન્દ્ર શાસ્ત્રી

રાજકોટ,તા.૦૬

રાજકોટના અમીન માર્ગ પર આવેલા કિંગ્સ હાઈટ્સ ખાતે ધીરેન્દ્ર શાસ્ત્રીનું સ્થાનિક લોકો અને આયોજકો દ્વારા ફૂલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંજે સાત વાગ્યા આસપાસ રેસકોર્સ મેદાન ખાતે આયોજિત હનુમાન કથામાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા, જેની શરૂઆત સાંસ્કૃતિક કાર્યક્રમથી થઈ હતી. કથા દરમિયાન તેમણે જણાવ્યું કે તેઓ હિન્દુ રાષ્ટ્ર અને હિન્દુ ધર્મની વાત કરે છે અને તેમની પાસે કોઈ મેલી વિદ્યા નથી. વિરોધ કરનારાઓને સણસણતો જવાબ આપતા તેમણે અપીલ કરી કે મારો વિરોધ કરવા કરતાં અન્ય જગ્યાએ ચાદર ચડાવવા જતા હિન્દુઓનો વિરોધ કરવો જોઈએ. તેઓ ભવિષ્યમાં ફરી રાજકોટ આવશે.

# વસ્તી ગણતરી કરતા પ્રાથમિક શિક્ષકોનો પગાર અટવાયો



ગાંધીનગર,તા.૦૬

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા બે લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો માટે નવો મહિનો આર્થિક સંકટ લઈને આવ્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા સમયસર ગ્રાન્ટ મંજૂર ન થવાને કારણે શિક્ષકોના માસિક પગારમાં અસહ્ય વિલંબ થઈ રહ્યો છે, જેના લીધે મોંઘવારીના આ સમયમાં શિક્ષકોના ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.તાજેતરમાં વિધાનસભા સત્રમાં શિક્ષણ વિભાગ માટે રેકોર્ડબ્રેક બજેટ જાહેર કરાયું હોવા છતાં, ગ્રાઉન્ડ લેવલ પર સ્થિતિ ચિંતાજનક છે. પગાર સમયસર ન મળવાને કારણે શિક્ષકોની હોમ લોન અને કાર લોનના હપ્તા બાઉન્સ થઈ રહ્યા છે, જેના પરિણામે શિક્ષકો અને તેમના પરિવારો ભારે આર્થિક તેમજ માનસિક તણાવનો સામનો કરી રહ્યા છે.

અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
STAR TATA AIG Medi Assist SBI general care RELIANCE BAJAJ Allianz
ડો.અભિષેક ઠાકર
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

નિલકંઠ જ્વેલર્સ®
ઇનામોની વણઝાર
રૂા. ૧૦,૦૦૦ કે તેથી વધુ સોનાના તથા ચાંદીના દાગીનાની ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો જીતવાની તક
૫૦૧ ઈનામો
તા. ૦૧-જુન, ૨૦૨૬ થી તા. ૧૫-ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી
63 56 56 0000
અમરેલી: માણેકપરા, અમરેલી Mo. 96018 98981 Mo. 98250 91721
રાજકોટ: પેલેસ રોડ, ભગવતી ફાસ્ટ ફુડની સામે, રાજકોટ Mo. 95375 25000